# આબુ પર્વત ઉપરના લેખો.

નંબર ૬૪ થી તે ૨૭૧ સુધીના ( ૨૦૭ ) લેખો, સુપ્રસિદ્ધ પર્વત અર્બુદાચલ ( આબુ ) ઉપર આવેલા ભિન્ન ભિન્ન જૈન મંદિરોમાંના છે. તેમાં આદિના ૬૮ ( નં. ૬૪ થી તે ૧૩૧ સુધીના ) લેખો ગુર્જર મહામાત્ય તેજપાલના બનાવેલા ભારતીય શિલ્પકલાના આદર્શભૂત અને ઉત્કૃષ્ટ કારીગરીવાલા 'લુણસિંહ વસહિકા ' નામના જગપ્રસિદ્ધ મંદિરમાં રહેલા છે. આ લેખોમાંના ૩૨ લેખો, ' એપીગ્રાફીઆ ઇન્ડીકા 'ના, ૮ મા ભાગમાં, ( EPIGRAPHIA INDICA, Vol. VIII. ) પ્રોફેસર એચ. લ્યુડર્સે ( Professor H. Luders, Ph. D. ) પ્રકટ કરેલા છે. પ્રારંભમાં જે બે મ્હોટી પ્રશસ્તિઓ છે તે પ્રથમ પ્રો. વિષ્ણુ આબાજી કાથવટે એ સંપાદિત કરેલી સોમેશ્વરદેવકૃત कीर्ति कौमुदी ના પરિશિષ્ટમાં, તથા ભાવનગર રાજ્યના ' પુરાણવસ્તુ શોધ–ખોળ ખાતા ' તરફથી પ્રકટ થયેલા ' પ્રાકૃત અને સંસ્કૃત લેખસમૂહ ' ( Collection of Prakrit and Sanskrit Inscriptions ) નામના પુસ્તકમાં પણ અંગ્રેજી ભાષાંતર સહ પ્રકટ થયેલી છે. તથા આ બંનેનો કેવળ અંગ્રેજી સારાર્થ સૌથી પ્રથમ ઈ. સ. ૧૮૨૮ માં એચ. એચ. વીલ્સને ( H. H. Wilson ) એશીયાટીક રીસર્ચીસના ૧૬ માં પુસ્તકમાં ( પૃષ્ઠ ૩૦૨ ) ( Asiatic Researches Vol. XVI. P. 302 ff. ) પ્રકટ કરેલો છે. બાકીના બધા લેખો પ્રથમજ વાર અત્ર પ્રકટ થાય છે.

પ્રો. લ્યુડર્સ, એ. ઈ. માં પોતે પ્રકાશિત કરેલા ૩૨ લેખોની ભૂમિકામાં આ પ્રમાણે જણાવે છે:—

" આબુ પર્વત ઉપર આવેલાં ભિન્ન ભિન્ન દેવાલયોમાંના અનેક લેખોના શાહીથી ઉતારા, ઈ. સ. ૧૯૦૨ માં મુંબઇ ઇલાકાના આર્કીઓ લોજીકલ સર્વ્હેના સુપરિન્ટેન્ડેન્ટ મી. એચ. કાઉસેન્સે ( Mr. H. Cousens. ) તૈયાર કર્યા; અને તે ઉતારા પ્રો. હુલ્ટઝ ( Prof. Hultzsch. ) તરફથી



Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

પ્રો. કીલ્હૉર્ન ( Prof. Kielhorn. ) ને મળ્યા અને તેમણે પ્રસિદ્ધ કરવા માટે મ્હને આપ્યા. નીચે આપેલા બત્રીસ લેખો નેમિનાથના દેવાલયમાંથી મળેલા છે અને તે એમ સૂચવે છે કે વીરધવલ ( ચાલુક્ય રાજા )ના પ્રધાન તેજપાલે આ મકાન બંધાવ્યું તથા અર્પણ કર્યું. અધુના, આ પુણ્યાલયનું નામ ‘ વસ્તુપાલ અને તેજપાલનું મંદિર ’ એમ છે; પરંતુ મૂળ પાયો તેજપાલ એકલાએજ ન્હાખેલો હોવાથી આ અભિધાન આપવું ભૂલ ભરેલું છે. મ્હારા મત પ્રમાણે જે મહાત્મા ( તીર્થંકર )ને આ મંદિર અર્પણ કર્યું છે તેમના નામ ઉપરથી આ નામ પાડવું અગર લેખોમાં બતાવ્યા પ્રમાણે ‘ લૂણસિંહવસહિકા ’ અથવા ‘ લૂણવસહિકા ’ ‡ એમ મૂળ નામ આપવું શ્લાઘ્ય છે. ”

સૌથી પ્રથમનો ( નં. ૬૪ નો ) લેખ, દેવાલયના અગ્રભાગમાં આવેલા એક ગોખલામાં ચણેલા કાળા પત્થર ઉપર કોતરવામાં આવ્યો છે. પ્રો૦ લ્યુડર્સ જણાવે છે કે—

“ આ લેખ લગભગ ૩’૧½ ” પહોળો તથા ૨’૭½” લાંબો છે. તે ઘણીજ સુંદર રીતે કોતરવામાં આવ્યો છે. અને સારી સ્થિતિમાં છે. દરેક અક્ષરનું માપ ½ ” છે. લેખ જૈનનાગરી લિપિમાં લખાએલો છે. મૂળ લેખમાં ब ને व વચ્ચે તફાવત માત્ર વચમાં ઝીણા ટપકાનોજ રાખેલો છે, તેથી નકલમાં આ તફાવત સ્પષ્ટ રીતે માલુમ પડતો નથી. તેથી કેટલીક વખત ब તથા व ઓળખવા અઘરા પડે છે. આખો લેખ સંસ્કૃત પદ્યમાં છે. માત્ર આરંભનો ॐ તથા પંક્તિ ૧૭, ૨૬ ને ૩૦ માં આવેલાં કેટલાંક વાક્યો તેમજ પંક્તિ ૪૬–૪૭ માં આપેલું કેટલુંક અંતનું વિવેચન ગદ્યમાં છે. આ લેખ રચનાર ચાલુક્ય રાજાઓનો પ્રખ્યાત પુરોહિત તથા कीर्तिकौमुदीનો પ્રણેતા સોમેશ્વરદેવ છે. પરંતુ, જો કે કેટલાંક પદ્યો ‘ कीर्तिकौमुदीની રચનાશૈલી સાથે સરખાવી શકાય તેવાં છે, તો પણ ઘણીવાર પિષ્ટપેષણ કરવામાં આવ્યું છે. તેમજ કેટલાંક પદ્યો અસંબદ્ધ છે. ભાષા વિષે વિચાર કરતાં કેટલાંક શિલ્પશાસ્ત્રના શબ્દો વપરાયલા છે જે ધ્યાન ખેંચે તેવા છે. જેમકે बलानक ( પદ્ય ૬૧ ) અને खत्तक ( પદ્ય ૬૫ ). बलानक

‡ ‘વસહિ’ ( જૈન મંદિર ) જે સંસ્કૃત ‘ વસતિ ( વસથિ ) ’ ઉપરથી થએલું છે તેના માટે જુઓ પ્રો. પીશ્ચેલનું “ગ્રામાટિક ડેર પ્રાકૃત સ્પ્રાચન ( Prof. Pischel’s Grammatik der Prakrit Sprachen.) કાનડ શબ્દ ‘બસદી’ અગર ‘ બસ્તી’ એ ‘વસતિ ’ નોજ તદ્ભવ છે. **ઇ. એચ.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ મરાઠી બલાણી હોય એમ લાગે છે. અને તેનો અર્થ મોલેશ્વર્થ (Molesworth) અને કેન્ડી (Candy.) ના શબ્દકોષ (Dictionary) માં "દેવાલયના 'ગભારા' (ગર્ભાગાર) અથવા 'સભા મંડપ'ની ભીંતોને જોડીને બનાવેલી ઉંચી બેઠક" એમ આપ્યો છે. 'खत्तक' નો અર્થ કોઇ પણ શબ્દકોષમાંથી મ્હને મળ્યો નથી. સંબંધ ઉપરથી તેનો અર્થ 'ગાદી' અગર 'બેઠક' થાય છે. * કેટલાંક વિશેષ નામો પ્રાકૃતરૂપમાંજ વપરાયલા છે. છંદના નિયમોને લીધે તેજઃપાલને બદલે અશ્લિષ્ટરૂપ તેજપાલ વાપરવું પડયું છે. (જુઓ પદ્ય ૫૩)

* बलानक અને खत्तक શબ્દો માત્ર કેટલાક જૈન લેખોમાંજ જોવામાં આવે છે અન્યત્ર દષ્ટિગોચર થતા નથી. તેથી આ શબ્દવાચ્ય વસ્તુઓ સમજવામાં ઘણાખરા વિદ્વાનો તો વંચિતજ રહ્યા છે. કેટલાકે પોતપોતાની કલ્પનાનુસાર વિચિત્ર અને ભ્રાંતિમાન્ અર્થો કર્યા છે. પરંતુ યથાર્થ અર્થ કોઇનામાં જાણવામાં આવ્યો હોય તેમ જણાતું નથી. આ બંને શબ્દો પશ્ચિમ ભારતમાં, પહેલાં લોકભાષામાં પ્રચલિત હતા અને તેમનો વાચ્યાર્થ આ પ્રમાણે છે.

**બલાનક—**

(૧) દેવમંદિરના પ્રવેશદ્વારના ઉપરનો મંડપ.
(૨) વાપી (વાવ)ના મુખ ઉપરનો મંડપ.
(૩) કુંડના અગ્ર ભાગના ઉપરનો મંડપ.
(૪) રાજદ્વારના સિંહદ્વાર ઉપરનો મંડપ.

બલાનક શબ્દના આ પ્રમાણે ચાર અર્થો થાય છે. પાટણના તપાગચ્છના વૃદ્ધ યતિ શ્રીહિમ્મતવિજયજી, જેઓ શિલ્પશાસ્ત્રના એકજ—અદ્વિતીય જ્ઞાતા છે તથા જેઓ મંદિર નિર્માણ વિદ્યામાં પૂર્ણ નિપુણ છે, તેમણે આ શબ્દોના ઉપરોક્ત અર્થો જણાવ્યા છે. આ ઉપરથી પ્રસ્તુત લેખમાં જે બલાનક શબ્દ છે તેનો અર્થ મંદિરના આગલા ભાગમાં રહેલા દ્વારની ઉપરનો મંડપ સમજવાનો છે. વસ્તુપાલ તેજપાલના બીજા અનેક લેખોમાં અને ગ્રંથોમાં જણાવેલું છે કે, તેમણે અમુક સ્થાને અમુક મંદિરમાં બલાનક કરાવ્યું, તેનો અર્થ પણ ઉપર જણાવ્યા પ્રમાણે મંદિરના પ્રવેશદ્વાર ઉપરનો મંડપજ સમજવો.

**ખત્તક**—તે જેને ગુજરાતીમાં 'ગોખલો' અને રાજપૂતાની ભાષાઓમાં 'આળીઓ' અથવા 'તાક' કહેવામાં આવે છે તે છે 'ગોખલો' એ શબ્દનો લલ્લુભાઇ ગોકુળદાસના 'ગુજરાતી શબ્દ કોષમાં' આ પ્રમાણે અર્થ આપેલો છે —" **ગોખલો,** પુ૦; હરકોઇ ચીજ મૂકવાને અથવા દેવ વિગેરેને બેસાડવાને દિવાલ-ભીંતમાં જે પોલાણ રાખેલું હોય તે; બારણા વગરનું નાનું તાકું." આ ઉપરથી જણાશે કે દેવ મૂર્તી સ્થાપિત કરવા માટે જે ન્હાના અથવા મ્હોટા ગોખલા બનાવાય છે તે **ખત્તક** કહેવાય છે. તેજપાલે પોતાની બીજી સ્ત્રી સુહડાદેવીના પુણ્યાર્થે આજ લૂણસિંહવસહિકામા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ( લેખનો સાર. )

પ્રશસ્તિ રચનારે પ્રથમ એક પદ્યથી સરસ્વતી દેવીની સ્તુતિ કરી બીજા પદ્યમાં નેમિનાથ તીર્થંકરની+ સ્તવના કરેલી છે. ત્રીજા પદ્યમાં ચૌલુક્યોની રાજધાની અને પ્રસ્તુત લેખ વર્ણિત મંત્રિઓની જન્મભૂમિ અણહિલપુરની પ્રસંશા છે. ૪ થા પદ્યથી ૭ માં સુધીમાં તેજઃપાલના પૂર્વ પુરૂષોનું વર્ણન છે. લખવામાં આવ્યું છે કે, પ્રાગ્વાટ વંશમાં મુકુટ સમાન પ્રથમ ચંડપ નામે પુરૂષ થયો. તેના કુલ રૂપ પ્રાસાદ ઉપર હેમદંડ સમાન ચંડપ્રસાદ નામે તેનો પુત્ર થયો. તેને સોમ નામે સુત થયો. સોમનો સુત અશ્વરાજ થયો કે જેની પ્રિય પત્ની કુમારદેવી હતી. એ દંપતીને પ્રથમ એક લૂણિગ નામે પુત્ર થયો જે બાલ્યાવસ્થામાંજ આ જીવલોક છોડી ગયો. ( પદ્ય ૮ ) ૯ થી ૧૨ સુધીનાં પદ્યોમાં, તેમના બીજા પુત્ર મંત્રી મલ્લદેવનું વર્ણન છે. તેનો ન્હાનો ભાઈ વસ્તુપાલ થયો, જેણે દરિદ્રી મનુષ્યોના ભાલસ્થલમાં લખેલા દૌઃસ્થ્યાક્ષરોને ભુંશી ન્હાખ્યા—અર્થાત્ યાચકોને ઇચ્છિત દાન આપી, તેમનું દારિદ્રય નષ્ટ કર્યું. તથા તે ચૌલુક્ય રાજાનો પ્રધાન હોઇ મ્હોટો કવિ હતો ( પદ્ય ૧૩–૧૪ ). પછી બે શ્લોકોમાં, વસ્તુપાલના ન્હાના ભાઈ તેજપાલનું વર્ણન છે. ૧૫ માં

મુખ્ય ગર્ભાગારના દ્વારની બંને બાજુએ ઉત્તમ કારીગરીવાળા બે ખત્તકો બનાવ્યા છે ( કે જેમના ઉપર નં. ૧૧૦ અને ૧૧૧ વાળા લેખો કોતરેલા છે ) તેમને આજે પણ લોકો “ દેરાણી જેઠાણીના ગોખલા”ના નામે ઓળખે છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે ‘ખત્તક’ તે ‘ ગોખલા ’નું જ બીજું નામ છે.—**સંગ્રાહક.**

+ તેજપાલે આ મંદિર નેમિનાથ તીર્થંકર માટે બંધાવેલું હોવાથી, કવિએ તેમનીજ સ્વતના કરી છે. નેમિનાથની માતાનું નામ શિવા યા શિવાદેવી હતું તેથી કાવ્યકારે, છંદમાં બરોબર ગોઠવવા સારૂં, તેમનું ખાસ નામ ન લખતાં ‘ શિવાતનૂજ’ ના વિશેષણદ્વારા તેનામ સૂચવ્યું છે. પ્રો. લ્યુડર્સ, આ વાત બરોબર સમજી શકયો નથી તેથી તેણે શિવાતનૂજ એટલે પાર્વતીસુત ‘ ગણેશ ’ જણાવ્યા છે. પરંતુ તે એટલું નથી વિચારી શકયો કે એક જૈનમંદિર અને મહાન્ જૈનનરની પ્રશસ્તિમાં ગણેશ જેવા પૌરાણિક દેવની શા હેતુએ સ્તવના કરવામાં આવે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોકમાં, આ મંત્રિઓની ૭ બ્હેનોનાં નામો છે:—(૧) જાલ્હૂ. (૨) માઊ. (૩) સાઊ. (૪) ધનદેવી. (૫) સોહગા. (૬) વયજૂ. અને (૭) પરમલદેવી. ૧૮ માં શ્લોકમાં કવિ કહે છે કે–અશ્વરાજના આ ચારે પુત્રો બીજા કોઈ નહિ પણ પૂર્વે દશરથ રાજાના રામાદિક જે ૪ પુત્રો હતા તેજ, એકજ માતાના ઉદરમાં જન્મવાના લોભથી ફરી પૃથ્વી ઉપર અવતર્યા છે. ૧૯ માં કાવ્યથી ૨૪ માં લગીમાં, વસ્તુપાલ અને તેજપાલ—બંને ભાઇઓના અદ્વિતીય સૌહાર્દ અને સત્કૃત્યોમાં સદૈવ સહચારની પ્રશંસા કરવામાં આવી છે. કવિ કહે છે કે, પોતાના ન્હાનાભાઇ તેજપાલ સહિત વસ્તુપાલ, મધુમાસ અને વસંતર્તુની માફક કોને આનંદ નહિ આપે ?—અર્થાત્ સર્વને આપે છે. ( ૫. ૧૯ ) સ્મૃતિમાં કહેલું છે કે–મનુષ્યે માર્ગમાં એકાકી સંચરણ ન કરવું, તેથીજ જાણે વસ્તુપાલ અને તેજપાલ બંને ભાઈ ધર્મમાર્ગમાં સાથે વિચરણ કરતા હોય તેમ લાગે છે. ( ૫. ૨૦ ) આ બંને ભાઈઓએ, આ ચતુર્થ ( કલિ ) યુગમાં પણ, પોતાના જીવનદ્વારા કૃતયુગનો સમવતાર કર્યો છે. (૫. ૨૧) મુકતામય ( રોગરહિત–નિરોગી ) એવું, આ ભ્રાતાઓનું સુંદર શરીર ચિરકાલ સુધી આ જગત્માં વિદ્યમાન રહો, કારણ કે એમની કીર્તિથી આ મહીવલય મુકતામય ( મૌકિત રૂપ ) પ્રતિભાસે છે. ( ૫. ૨૨ ) પૃથ્વીને સર્વે બાજુથી, ધર્મસ્થાનો વડે અંકિત કરતા આ બંધુયુગલે કલિકાલના ગળે પગજ મૂકયું છે. ( ૫. ૨૪. )

પછીના ૩ કાવ્યોમાં ચૌલુકયોની ( વાઘેલા ) શાખાનું વર્ણન છે. એ શાખામાં, અર્ણોરાજ નામનો એક તેજસ્વી પુરૂષ થયો. તેનો પુત્ર લવણપ્રસાદ અને તેનો વીરધવલ * થયો. અનંતરના ( ૨૮–૨૯ ) બે પદ્યોમાં, આ બંધુયુગલે વીરધવલને તેના રાજકાર્યમાં જે અપૂર્વ સહાયતા કરી છે અને તેના રાજ્ય અને યશનો જે વિસ્તાર વધાર્યો છે તેની

* આ રાજાઓ–( રાણકો ) વિષયે, ગુજરાતી રાસમાલા ભાગ ૧, માં " **વાઘેલા વિષે ભાષાંતર કર્ત્તાનો વધારો** " શીર્ષક પ્રકરણ ( પૃષ્ઠ ૪૧૦ થી ૫૦૯ ) માં સવિસ્તર લખવામાં આવ્યું છે. તેથી જિજ્ઞાસુએ ત્યાં જોઇ લેવું.

૧૪



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

પ્રંશસા કરી છે. કવિ કહે છે કે–વીરધવલ, ઘુંટણ સુધી લાંબી ભુજાઓ સમાન પોતાના જાનુ પાસે રહેનારા આ બંને મંત્રિઓ દ્વારા સુખ અને લક્ષ્મીનું આલિંગન કરે છે.

૩૦–૩૧ પદ્યોમાં અર્બુદગિરિ ( આબુ પર્વત ) નું મહાત્મ્ય વર્ણિત છે. અને પછી પરમારોનો ઇતિહાસ પ્રારંભ થાય છે. એ આબુ પર્વત ઉપર વસિષ્ઠર્ષિના યજ્ઞકુંડમાંથી એક પુરૂષ ઉત્પન્ન થયો જેણે 'પર' (શત્રુઓ) નો સંહાર કર્યો. આથી તેનું નામ " પરમારણ " ( પરમાર ) પડયું. ( પ. ૩૨ ) પછી એનો વંશ પણ 'પરમાર'ના નામે પ્રસિદ્ધિ પામ્યો. એ વંશમાં પાછળથી ધૂમરાજ નામનો પરાક્રમી પુરૂષ થયો. ( પ ૩૩ ) તદનંતર ધંધુક અને ધ્રુવભટ આદિ અનેક રાજા એ વંશમાં થયા પછી રામદેવ નામે રાજા થયો. ( પ. ૩૪ ) રામદેવને યશોધવલ * નામનો પ્રતાપી પુત્ર થયો, જેણે ચૌલુકયનૃપતિ કુમારપાલના શત્રુ માલવપતિ બલ્લાલને ચઢી આવેલો જાણી તુરત તેની સામે થયો અને તેને મારી ન્હાંખ્યો.

---

* આ યશોધવલના સમયનો એક લેખ, સં. ૧૨૦૨ ( ઇ. સ. ૧૧૪૬ ) ના માઘ સુદી ૪ ના દિવસનો સિરોહી રાજ્યમાં આવેલા અજારી નામના ગાંવમાંથી મળેલો છે, તેમાં આને 'મહામંડલેશ્વર' ( સામંત ) —परमारवंशोद्भवमहामंडलेश्वर यशोधवल—લખેલો છે. આની પટરાણીનું નામ સૌભાગ્યદેવી હતું. અને તે સોલંકીવંશની હતી. હેમચંદ્રાચાર્યના द्वयाश्रयमहाकाव्य માં જણાવેલું છે, કે કુમારપાલ જ્યારે ચૌહાણરાજા અર્ણોરાજ ઉપર ચઢાઇ લઇ ગયો તે વખતે ( વિક્રમ સં. ૧૨૦૭–ઇ. સ. ૧૧૫૦) આબુનો રાજા વિક્રમસિંહ હતો અને તે આબુથી કુમારપાલની સેના સાથે થયો હતો. જિનમંડનના 'કુમારપાલપ્રબંધ' અને બીજા ચરિત્ર ગ્રંથોમાં જણાવેલું છે, કે વિક્રમસિંહ લડાઇના વખતે કુમારપાલના શત્રુ અર્ણોરાજ સાથે મળી ગયો હતો, જેથી કુમારપાલે તેને કેદ કરી તેના ભત્રીજા યશોધવલને આબુનું રાજ્ય આપ્યું હતું. આ ઉપરથી જણાય છે કે યશોધવલ, કુમારપાલનો સામંત હતો અને જ્યારે માલવાના રાજા બલ્લાલે, ગુજરાત ઉપર ચઢાઈ કરી, ત્યારે, કુમારપાલ તરફથી યશોધવલ તેની સામે થયો અને અંતે તેને પકડી મારી ન્હાંખ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૬–૩૭ પદ્યમાં, યશોધવલના પરાક્રમી અને પ્રતાપી પુત્ર ધારાવર્ષનું વર્ણન છે. તેણે કોંકણાધીશને માર્યો હતો અને તે મૃગયાનો ખૂબ વિલાસી હતો.×

કુમારપાલે માલવપતિ બલ્લાલને જીત્યો હતો એ વાત સોમનાથ પાટણના ભાવબૃહસ્પતિ વાળા વલ્લભી સંવત્ ૮૫૦ ( ઈ. સ. ૧૧૬૯ ) ના લેખમાં, તથા कीर्तिकौमुदी વિગેરે બીજા પણ અનેક પ્રામાણિક ઐતિહાસિક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે પરંતુ એ રાજા કયા વંશનો હતો તે હજુ સુધી જ્ઞાત નથી. પ્રો. લ્યુડર્સ જણાવે છે કે—“ બલ્લાલ નામનો કોઈ પણ રાજા માલવાના પરમાર વંશની યાદીમાં નથી. અને તે એ વંશનો હતો એ માનવું પણ અશક્ય છે. તેથી, તે કેવી રીતે માલવાનો રાજા થયો, એ પ્રશ્નનો ઉત્તર આપવો હાલમાં સરલ નથી. પણ, પ્રો. કીલહોર્ને આ બાબત ઉપર જે વિચાર કર્યો છે તે તરફ હું ધ્યાન ખેંચુ છું—“ (માલવાના પરમાર રાજા )યશોવર્દ્ધનનું નિધન ઇ. સ. ૧૧૩૫ થી ૧૧૪૪ ની વચમાં થયેલું હોવું જોઇએ, અને તે પછી માલવાનું રાજ્ય અસ્તવ્યસ્ત સ્થિતિમાં મૂકાણું હતું. આ સ્થિતિ, કેટલાકોના મનમાં તેને જીતવાનો અગર પચાવી પાડવાનો મનોરથ પ્રજ્વલિત કરે, એ બનવા જોગ છે. ” તેથી, બલ્લાલ માલવાનો કોઈ પ્રથમ ખંડિયો રાજા હોય અને પછી તે સ્વતંત્ર થઈ, ગુર્જરાત ઉપર ચઢી આવવા જેટલો સાહાસ કરે તો તેમાં અસંભવ જેવું નથી.

× આના સંબંધમાં, પં. ગૌરીશંકર હીરાચંદ ઓઝા એ પોતાના ‘ सिरोही राज्य का इतिहास । ’ નામના હિન્દી પુસ્તકમાં લખ્યું છે કે–“ યશોધવલનો પુત્ર ધારાવર્ષ આબુના પરમારોમાં બહુજ પ્રસિદ્ધ અને પરાક્રમી થયો. એનું નામ અદ્યાપિ “ ધાર પરમાર ” ના નામે પ્રસિદ્ધ છે. ગુજરાતના સોલંકી રાજા કુમારપાલે કોંકણના રાજા * ઉપર ચઢાઈ કરી તેમાં આ સાથે હતો, અને તેણે ( કુમારપાલે ) ત્યાં ( બીજી ચઢાઈમાં ) જે વિજય મેળવ્યો તે, એનાજ વીરત્વને આભારી હતો. ‘તાજુલ મઆસિર’ નામે ફારસી તવારીખથી જણાય છે, કે, હિ. સ. ૫૯૩ ( વિક્રમ સં. ૧૨૫૪=ઇ. સ. ૧૧૯૭ ) ના સફર મહિનામાં કુતબુદ્દીન ઐબકે અણહિલવાડ ઉપર ચઢાઇ † કરી તે

* આ, ઉત્તર કોંકણનો શિલારાવંશી રાજા મલ્લિકાર્જુન હશે.

† આ ચઢાઈ ગુજરાતના સોલંકી રાજા મૂળરાજ ( બીજો–બાલ મૂળરાજ ) ના સમયે થઇ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછીના બે કાવ્યોમાં, ધારાવર્ષના ભાઈ પ્રહ્‌લાદનની + પ્રશંસા કરવામાં આવી છે. તેણે સામંતસિંહ × સાથેની લડાઈમાં અનુપમ વીરતા દેખાડી હતી અને તેની તલવારે ગુર્જરપતિનું રક્ષણ કર્યું હતું. ( પ. ૩૮–૩૯ ).

વખતે આબુની નીચે † ખૂબ લડાઇ થઈ જેમાં તે ( ધારાવર્ષ ) ગુજરાતની સેનાના બે મુખ્ય સેનાપતિઓમાંનો એક હતો. એ લડાઇમાં ગુજરાતના સૈન્યની હાર થઇ, પરંતુ એજ જગ્યાએ વિ. સં. ૧૨૩૫ ( ઇ. સ. ૧૧૭૮ ) માં જે લડાઈ થઇ તેમાં શાહબુદ્દીન ગોરી ઘાયલ થયો હતો અને હારીને તેને પાછું ફરવું પડયું હતું. આ લડાઇમાં પણ ધારાવર્ષનું વિદ્યમાનત્વ જણાય છે. એના રાજ્યકાલના ૧૪ શિલાલેખો અને એક તામ્રપત્ર મળ્યું છે, જેમાં સૌથી પ્રથમનો લેખ વિ. સં. ૧૨૨૦ ( ઇ. સ. ૧૧૬૩ ) જ્યેષ્ઠ સુદી ૫ નો કાયદ્રાં ગાંવમાંથી અને સૌથી છેલ્લો વિ. સં. ૧૨૭૬ ( ઇ. સ. ૧૨૧૯ ) શ્રાવણ સુદી ૩ નો મકાબલ ગાંવથી થોડીક દૂરે આવેલા એક ન્હાના સરખા તળાવની પાળ ઉપર ઉભા રહેલા આરસના સ્તંભ ઉપર ખોદેલો છે. આ લેખો ઉપરથી જણાય છે કે એણે ઓછામાં ઓછા ૫૬ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું ".

+ પ્રહ્‌લાદને પોતાના નામથી ' પ્રહ્‌લાદનપુર ' નામનું નવીન શહેર વસાવ્યું હતું જે આજે ' પાલણપુર ' ના નામે ઓળખાય છે. એ વીર હોવા ઉપરાંત વિદ્‌વાન પણ ઉત્તમ પ્રકારનો હતો. એની વિદ્વત્તાના વખાણ સોમેશ્વરે પોતાની कीर्त्तिकौमुदी માં ( સર્ગ ૧, શ્લોક ૨૦–૨૧ ) તથા આજ પ્રશસ્તિના આના પછીના આગલા પદ્યોમાં કરેલાં છે. એનું રચેલું पार्थपराक्रम નામનું સંસ્કૃત નાટક ઉપલબ્ધ છે. सारङ्गधरपद्धत्ति અને જલ્હણની सूक्तिमुक्तावली માં પણ આના બનાવેલાં કેટલાંક પદ્યો ઉધ્ધૃત કરેલાં છે.

× આ સામંતસિંહ કયાંનો રાજા હતો એ વિષયમાં હજુ સુધી પૂર્ણ નિશ્ચાયક પ્રમાણ મળ્યું નથી. તોપણ ઘણા ખરા વિદ્વાનો ધારે છે તેમ તે મેવાડનો ગુહિલ રાજા સામંતસિંહ હોવો જોઇએ. ડૉ. લ્યુડર્સ આ વિષયમાં જણાવે છે કે—

" જે ગુર્જર રાજાનું રક્ષણ, સામંતસિંહના હાથમાંથી પ્રહલાદને

† આ લઢાઈ આબુ નીચે કાયદ્રાં ગાંવ અને આબુની વચ્ચે થઈ હતી, જેનું વૃત્તાંત ' તાજુલમઆસિર ' નામે ફારસી તવારીખમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધારાવર્ષનો સુત સોમસિંહ થયો જેણે પોતાના પિતાથી તો શૂરતા પ્રાપ્ત કરી હતી અને પિતૃવ્ય ( કાકા–પ્રહ્લાદન ) થી વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. ( પ. ૪૦ ) સોમસિંહનો પુત્ર,–વસુદેવના કૃષ્ણની માફક, કૃષ્ણરાજ નામે થયો +

---

કર્યું હતું તે ગુર્જર રાજા ભીમદેવ ( બીજો ) હોવો જોઇએ. પરંતુ આ સામંતસિંહ કોણ છે તે નક્કી કરવું સરલ કાર્ય નથી. પ્રસ્તુત લેખમાં, તે વિષયમાં કાંઈ પણ વિશેષ આપ્યું નથી. તેમજ તે વખતે આ ( સામંતસિંહ ) નામના ઘણા રાજાઓ હોવાથી તે કયો રાજા હશે એ સહેલાઇથી સિદ્ધ થઇ શકે તેમ નથી. મ્હારા મત પ્રમાણે આ લેખનો સામંતસિંહ તે આબુ § પર્વત ઉપરના તથા સાદડીના * લેખમાં આવેલો સામંતસિંહ નામનો ગુહિલરાજા હશે પણ આબુના લેખમાં, ઇ. સ. ૧૧૨૫ માં થયેલા વિજયસિંહ પછી તે પાંચમે નંબરે છે અને તેજસિંહથી પાંચ પેઢી પ્રથમ છે. આ તેજ:સિંહનો ચિત્તોરગઢનો લેખ વિ. સં. ૧૩૨૪ ( ઈ. સ. ૧૨૫૭ ) નો છે. આ ઉપરથી એમ માલુમ પડે છે કે તે ઈ. સ. ૧૨૦૦ માં રાજ્ય કરતો હોવો જોઇએ અને તેનો પ્રતિસ્પર્ધી પ્રહ્લાદન ઈ. સ. ૧૨૦૯ માં યુવરાજ હતો, તેથી આ એનો સમય બરાબર મળી રહે છે. વળી ગુહિલનો દેશ મેદપાટ ( મેવાડ ) ચંદ્રાવતીના પરમારોના રાજ્યની સીમા નજીક આવેલો છે. આથી પણ મ્હારો મત યુકિતયુક્ત જણાશે. તેમજ પોતાના રાજાનો ગુહિલ રાજાના હાથમાંથી પ્રહ્લાદન બચાવ કરે એ પણ સ્વભાવિકજ છે. ચાલુકયો અને ગુહિલોનો આવો વિરોધાત્મક સંબંધ હતો, એ વીરધવલના પુત્ર વીસલદેવના લેખ ઉપરથી સિદ્ધ થાય છે. આ લેખમાં રાજાને આ પ્રમાણે વિશેષણ આપવામાં આવ્યું છે. " मेदपाटकदेशकलुष्यराज्यवल्लीकन्दोच्छेदनकुद्दालकल्प–" ઇત્યાદિ.

+ સોમસિંહે, તેજપાલના બંધાવેલા એ મંદિરની પૂજા આદિના ખર્ચ માટે પોતાના રાજ્યના બારઠ નામના પરગણામાંનું ડબાણી નામનું ગામ દેવદાન તરીકે અર્પણ કર્યું હતું. એ ગામ આજે ડમાણીના નામે પ્રસિદ્ધ છે. ત્યાંથી વિ. સં. ૧૨૯૬ ( ઇ. સ. ૧૨૩૯ ) ના શ્રાવણ સુદી ૫ ના દિવસનો એક લેખ પ્રાપ્ત થયો છે જેમાં એ મંદિરનું અને તેજપાલ

---

§ જુઓ, ઇન્ડીયન એન્ટીકવેરી, પુ. ૧૬, પૃ. ૩૪૫.

* જુઓ, ભાવનગરનું લેખ સંગ્રહ નામનું પુસ્તક પૃષ્ઠ ૧૧૪.



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

૪૩ થી ૪૯ સુધીનાં કાવ્યોમાં, વસ્તુપાલે અને તેના પુત્ર જૈત્રસિંહ ( અથવા જયંતસિંહ ) જે લલિતાદેવીનો પુત્ર હતો, તેની પ્રશંસા કરવામાં આવી છે. તથા તેજપાલ મંત્રીની બુદ્ધિ અને ઉદારતાનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ પછી તેજપાલની પત્ની અનુપમાદેવીનું વંશવર્ણન શુરૂ થાય છે. ચંદ્રાવતી નગરીમાં પ્રાગ્વાટવંશમાં શ્રીગાગા નામે શેઠ થયો. ( પ. ૫૦ ) તેનો પુત્ર ધરણિગ થયો. ( પ. ૫૧ ) તેની સ્ત્રી ત્રિભુવનદેવી હતી જેનાથી અનુપમા નામે કન્યા થઈ. અને તે તેજપાલને પરણાવવામાં આવી. ( પ. ૫૨–૩ ) એ અનુપમા, નીતિ, વિનય, વિવેક, ઔચિત્ય, દાક્ષિણ્ય અને ઉદારતા આદિ ગુણે કરી અનુપમજ હતી. તેણે પોતાના ગુણોથી પિતા અને શ્વશુરના બંને કુલો ઉજ્જવલ કર્યાં હતાં. ( પ. ૫૪ ) એ અનુપમા દેવીથી તેજપાલને લાવણ્યસિંહ (અથવા લૂણસિંહ) નામે પુત્ર થયો. ( પ. ૫૫–૬ ) તેજપાલના મ્હોટા ભાઈ મંત્રિ મલ્લદેવને પણ તેની લીલુકા નામે પત્નિથી પૂર્ણસિંહ નામે પુત્ર થયો અને તેને પણ તેની સ્ત્રી અલ્હણાદેવીથી પેથડ નામનો સુપુત્ર જન્મ્યો. ( પ. ૫૮ ) મંત્રી તેજપાલે પોતાની પત્ની અનુપમાદેવી અને પુત્ર લાવણ્યસિંહના કલ્યાણાર્થે, આ નેમિનાથનું મંદિર બનાવ્યું. ( પ. ૬૦ ) તેજપાલ મંત્રિએ, શંખ જેવી ઉજલી–આરસ પહાણની શિલાઓ વડે આ ઉચ્ચ અને ભવ્ય નેમિનાથનું મંદિર બનાવ્યું છે. તેની આગળ એક વિશાલ મંડપ અને આજુબાજુ બલાનકો સહિત પર બીજા ન્હાના જિનમંદિરો બનાવ્યાં છે. ( પ. ૬૧ ) તથા, એમાં (૧) ચંડપ. (૨) ચંડપ્રસાદ.

---

તથા તેની સ્ત્રી અનુપમાદેવીનું નામ ઉલ્લિખિત છે. એના સમયના ૪ લેખો મળ્યા છે જેમાં સૌથી પ્રથમનો તો સં. ૧૨૮૭ નો આ પ્રસ્તુત લેખ છે અને સૌથી પાછળનો ઉક્ત સં. ૧૨૯૩ નો ડમાણીનો દેવક્ષેત્ર સંબંધી છે. સોમસિંહે, પોતાની હયાતીમાંજ પોતાના પુત્ર કૃષ્ણરાજદેવ (અથવા કાન્હડદેવ) ને યુવરાજ બનાવી દીધો હતો અને તેના હાથખર્ચ માટે નાણા નામનું ગામ ( જે જોધપુર રાજ્યના ગોડવાડ ઇલાકામાં આવેલું છે ) આપ્યું હતું.– सिरोही राज्य का इतिहास । पृष्ठ, १५३–४ ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) સોમ. (૪) અશ્વરાજ; અને (૫) લૂણિગ. (૬) મલ્લદેવ. (૭) વસ્તુપાલ. (૮) તેજપાલ; એ તેના ચાર પુત્રો; તથા (૯) વસ્તુપાલ સુત જૈત્રસિંહ અને (૧૦) તેજપાલ પુત્ર લાવણ્યસિંહ; એમ ૧૦ પુરૂષોની હાથિણી ઉપર આરૂઢ એવી ૧૦ મૂર્તિઓ બનાવી છે. આ મૂર્તિઓ એવી દેખાય છે, કે જાણે દશ દિક્પાલો જિનેશ્વરના દર્શન માટે ન આવતા હોય ? (પ. ૬૨-૩) વળી, આ દશે હસ્તિનીરૂઢ મૂર્તિઓની પાછળ ખત્તક બનાવ્યા છે અને તેમાં આ દશે પુરૂષોની, તેમની સ્ત્રિઓ સાથે મૂર્તિઓ બનાવી સ્થાપન કરવામાં આવી છે. (પ. ૬૪) આના પછીના શ્લોકમાં જણાવેલું છે કે-સકલ પ્રજા ઉપર ઉપકાર કરનાર મંત્રી વસ્તુપાલની પાસે તેજપાલ તેવીજ રીતે શોભે છે જેમ સરોવરના કિનારે આમ્રવૃક્ષ શોભે છે. (પ. ૬૫) આ બંને ભાઈઓએ દરેક શહેર, ગામ, માર્ગ, અને પર્વત આદિ સ્થળે, જે વાવ, કુવા, પરબ, બગીચા, સરોવર, મંદિર અને સત્રાગાર આદિ ધર્મસ્થાનોની નવી પરંપરા બનાવી છે તથા જીર્ણોદ્ધાર કર્યા છે તેમની સંખ્યા પણ કોઈ જાણતો નથી. (પ. ૬૬-૮).

આ પછી, ચંડપના વંશના ધર્માચાર્યોની નામાવલી આપવામાં આવી છે. ચંડપના ધર્માચાર્યો નાગેન્દ્રગચ્છના હતા અને તેમાં પૂર્વે શ્રીમહેન્દ્રસૂરિ થયા. તેમના શિષ્ય શ્રીશાંતિસૂરિ થયા. તેમના પટ્ટધર શ્રીઆનંદસૂરિ અને તેમના શ્રીઅમરસૂરિ થયા. અમરસૂરિની પાટે શ્રીહરિભદ્રસૂરિ થયા અને તેમના શિષ્ય શ્રીવિજયસેનસૂરિ થયા કે જેમણે એ મંદિરની પ્રતિષ્ઠા કરી. વિજયસેનસૂરિના શિષ્ય શ્રીઉદય-પ્રભસૂરિ છે કે જેમના પ્રતિભારૂપ સમુદ્રની સુંદર સૂકિતઓ સ્વરૂપ મુકતાવલિઓ વિશ્વમાં શોભી રહી છે. (પ. ૬૯-૭૧) ૭૨ માં શ્લોકમાં કવિએ મંગલ ઈચ્છી આ પ્રમાણે સમાપ્તિ કરી છે-જ્યાં સુધી આ અર્બુદ પર્વત વિદ્યમાન છે ત્યાં સુધી આ ધર્મસ્થાન અને એના બનાવનાર જગત્માં ઉદિત રહો. (પ. ૭૨) ચૌલુકય રાજા વડે જેના ચરણ કમલ પૂજાયલા છે એવા શ્રીસોમેશ્વરદેવે, એ ધર્મસ્થાનની, આ રમણીય પ્રશસ્તિ બનાવી છે. (પ. ૭૩) શ્રીનેમિનાથ તીર્થંકર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેમની શાસનરક્ષિકા દેવી અંબિકાની કૃપાથી, અર્બુદાચલ ઉપરની આ પ્રશસ્તિ વસ્તુપાલના વંશને સ્વસ્તિ કરનારી થાઓ. ( પ. ૭૪ )

છેવટે ગદ્યમાં જણાવ્યું કે–સૂત્રધાર કેલ્હણના પુત્ર ધાંધલના પુત્ર ચંડેશ્વરે આ પ્રશસ્તિ શિલા ઉપર ટાંકણા વડે કોતરી છે. શ્રીવિક્રમ સંવત્ ૧૨૮૭ ના ફાલ્ગુણ વદિ ૩ રવિવારના દિવસે નાગેન્દ્રગચ્છના આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરી છે.

( ૬૫ )

ઉપરના નં. ૬૪ ના લેખવાળા દેવાલયના અગ્રભાગમાં આ નં. ૬૫ વાળો લેખ પણ એક ગોખલામાં શ્વેતશિલા ઉપર કોતરવામાં આવેલો છે. પ્રો. લ્યુડર્સ જણાવે છે કે–

" આ લેખ ૨' ૧૧" પહોળો તથા ૧' ૧૦" લાંબો છે. દરેક અક્ષરનું કદ ૩/૮" છે. પંકિત ૧-૨ ના આરંભમાં તથા અંતમાં તેમજ પંકિત ૩–૪ ના અંતમાં અક્ષરો જીર્ણ થઇ ગયા છે. કારણ કે આ શિલાનો થોડો થોડો ભાગ કાપી ન્હાંખવામાં આવ્યો છે, અગર તે ભાંગી ગયો છે. ઉપરના લેખ જેવીજ લિપિ છે. પંક્તિ ૧ માં આવેલા ओम् નો ओ, પંકિત ૧૫–૧૭– ૨૪ માં આવેલા ओसवाल તથા પંક્તિ ૨૭ માં આવેલા ओरासा ના ओ થી જુદો પડે છે. સર્વ ઠેકાણે ब ને બદલે व વાપરેલો છે, માત્ર પંકિત ૨૭ માં श्रीमातामहबुं અને ઉપાંત્ય પંકિતમાં આવેલા अर्बुदास् માં તે પ્રમાણે નથી. છેલ્લી બે પંકિતઓ કાંઇક નવીનતા દર્શાવે છે, અક્ષરો જરા મ્હોટા છે અને કાંઇક બેદરકારીથી કોતરેલા છે. र અને श માં ઘણા ઠેકાણે ભિન્નતા જોવામાં આવે છે તેમજ વચ્ચે આવેલા ए અને ओ માં પણ તેમ છે. વળી ए તથા ओ ને ૭ ઠેકાણે પંકિત ઉપર માત્રા કહાડવામાં આવી છે. જેમકે–भेजाते, भत्रने,–पान्थे,-सूरेर्, तयोः અને त्रिलोक्यामाने. આ પદ્ધતિ પ્રથમની ૩૧ પંકિતઓમાં માત્ર ત્રણ વારજ જોવામાં આવે છે, જેમકે-वर्षे ( પં. ૧ ) देवेन, ( પં. ૨૬ ) અને गोसल ( પં. ૧૩ ) આ ઉપરથી ચોક્કસપણે એમ પ્રતિપાદન થાય છે કે છેલ્લી બે પંકિતઓ પાછળથી ઉમેરવામાં આવી છે. "

" આ લેખ સંસ્કૃત ગદ્યમાં છે માત્ર ૩૦ મી પંકિતમાં એક પદ્ય છે. આ વખતના તેમજ આ દેશના બીજા લેખોની માફક આ લેખમાં પણ ભાષા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર ગુજરાતીના ૩૯ શબ્દોની અસર દૃષ્ટિગોચર થાય છે. વિશેષનામો પ્રાકૃત રૂપમાંજ છે અગર અર્દ્ધ સંસ્કૃત છે. વળી પંકિત ૩૬ માં 'कुमार' ને બદલે 'कुमर' નો ઉપયોગ કર્યો છે તે પ્રાકૃત અસરના લીધેજ છે. ઘણીવાર દ્વંદ્વ સમાસના એક પદને તથા થી જોડવામાં આવે છે. ( પં. ૮–૯–૧૨–૧૯–૨૦ ) નીચેના શબ્દો જાણવા જેવા છે—अपभार ( પુ. )=બોજો. ( પં. ૨૯ ); अष्टाहिका ( સ્ત્રી. ) આઠ દિવસ સુધી ચાલનારો ઉત્સવ ( પં. ૧૨, ૧૪, ૧૬ વિગેરે ); कल्याणिक ( ન. ) એક આમોદપ્રદ દિવસ ( પં. ૨૬ ); तथा ज्ञातीय=ઉપર્યુકત જાતનો ( પં. ૧૦ ); महाजन ( પુ. ) વેપારી ( પં. ૧૦ ); राठीय ( પુ. ) એક જાતના અધિકારીઓ ( પં. ૨૮ ); वर्षग्रन्थि ( પુ. ) વાર્ષિક દિવસ ( પં. ૧૨ ); सत्क=નું હોવું ( પં. ૩, ૭, ૧૦ ) सारा ( સ્ત્રી. ) કાળજી, દેખરેખ ( ? ) ( પં. ૯ ); પંકિત ૬ માં प्रतिष्ठापित ના અર્થમાં प्रतिष्ठित વાપરવામાં આવ્યો છે."

આ લેખમાં નેમિનાથનું દેવાલય બંધાવ્યાની, તથા તેમના ઉત્સવોના નિયમોની, તેમજ દેવાલયના રક્ષણ વિગેરેની રાજકીય નોંધનો સમાવેશ થાય છે."

## ( લેખનો સાર. )

સંવત્ ૧૨૮૭ ના ફાલ્ગુન વદિ ૩ રવિવારના દિવસે, શ્રીમદ્ અણહિલપુરમાં, ચૌલુક્યકુલકમલરાજહંસ અને સમસ્તરાજાવલી સમલંકૃત મહારાજાધિરાજ શ્રી ( ભીમદેવના ) વિજયિ રાજમાં,........ શ્રી વસિષ્ઠર્ષિના યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થયેલા–( પરમાર વંશમાં ) શ્રી ધૂમરાજદેવના કુલમાં અવતરેલા મહામંડલેશ્વર શ્રી સોમસિંહદેવના આધિપત્યમાં, તેજ શ્રીમહારાજાધિરાજ શ્રી ભીમદેવના પ્રસાદ........ રાતમંડલમાં, શ્રી ચૌલુક્યકુલોત્પન્ન મહામંડલેશ્વર રાણક શ્રી લવણપ્રસાદદેવ સુત મહામંડલેશ્વર રાણક શ્રી વીરધવલદેવનો સમસ્ત મુદ્રાવ્યાપાર કરનાર ( મહામાત્ય ), શ્રીમદણહિલપુર નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના ઠ૦ શ્રી ચંડપ સુત ઠ૦ શ્રી ચંડપ્રસાદ પુત્ર મહં૦ સોમ પુત્ર ઠ૦ શ્રી આસરાજ અને તેની ભાર્યા ઠ૦ શ્રી કુમારદેવીનો પુત્ર, અને મહં૦ શ્રી મલ્લદેવ તથા સંઘપતિ મહં૦ શ્રી વસ્તુપાલનો ન્હાનો ભાઈ મહં૦ શ્રી તેજપાલ, તેણે પોતાની ભાર્યા મહં૦ શ્રી અનુપમદેવીના તથા

૧૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની કુક્ષિથી અવતરેલા પુત્ર મહં૦ શ્રી લુણસિંહના પુણ્ય અને યશની અભિવૃદ્ધિ માટે, શ્રી અર્બુદાચલ ઉપર, દેઉલવાડા ગામમાં, સમસ્ત દેવકુલિકાલંકૃત અને વિશાલ હસ્તિશાળાવડે શોભિત ' શ્રી લુણસિંહ-વસહિકા' નામનું નેમિનાથ તીર્થંકરનું આ મંદિર કરાવ્યું.

નાગેન્દ્રગચ્છના શ્રી મહેન્દ્રસૂરિની શિષ્યસંતતિમાં, શ્રી શાંતિસૂરિના શિષ્ય, શ્રી આણંદસૂરિના શિષ્ય, શ્રી અમરચંદ્રસૂરિના પટ્ટધર શ્રી હરિભદ્રસૂરિના શિષ્ય શ્રી વિજયસેનસૂરિએ, આ મંદિરની પ્રતિષ્ઠા કરી.

આ ધર્મ સ્થાન ( મંદિર )ની વ્યવસ્થા અને રક્ષણ માટે જે જે શ્રાવકો નિયમવામાં આવ્યા છે તેમનાં નામો આ પ્રમાણે—

મહં૦ શ્રીમલ્લદેવ, મહં૦ શ્રીવસ્તુપાલ, મહં૦ શ્રી તેજપાલ આદિ ત્રણ ભાઈઓની સંતાન પરંપરાએ; તથા મહં૦ શ્રીલુણસિંહના માતૃપક્ષમાં ( મોશાળમાં )* ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટજ્ઞાતિના ઠ૦ શ્રી સાવદેવના પુત્ર,ઠ૦ શ્રી શાલિગના પુત્ર, ઠ૦ શ્રી સાગરના પુત્ર,ઠ૦ શ્રી ગાગાના પુત્ર, ઠ૦ શ્રી ધરણિગ, તેનો ભાઈ મહં૦ શ્રી રાણિગ, મહં૦ શ્રી લીલા; તથા ઠ૦ શ્રી ધરણિગની ભાર્યા ઠ૦ શ્રી તિહુણદેવીની કુક્ષિથી જન્મેલી મહં૦ શ્રી અનુપમાદેવીના ભાઇ ઠ૦ શ્રી ખીંબસીહ, ઠ૦ શ્રી આંબસીહ, અને ઠ૦ શ્રી ઉદ્દલ; તથા મહં૦ શ્રી લીલાના પુત્ર મહં૦ શ્રી લુણસિંહ તથા ભાઇ ઠ૦ શ્રી જગસીહ અને ઠ૦ રત્નસીહના સમસ્ત કુટુંબે તથા એમની જે સંતાન પરંપરામાં થાય તેમણે, આ ધર્મસ્થાનમાં સ્નાન

---

* ચંદ્રાવતી પરમારોની રાજધાની હતી. તે એક સૌંદર્યપૂર્ણ અને વૈભવશાલિની નગરી હતી. તે આજે સર્વથા નષ્ટ થઈ ગઈ છે. માત્ર કેટલાક ઐતિહાસિક પ્રબંધો–લેખો શિવાય તેનું નામ પણ આજે અસ્તિત્વમાં નથી. એના વિષયમાં પં. ગૌરીશંકર ઓઝાએ, પોતાના सिरोही का इतिहास નામક પુસ્તકમાં આ પ્રમાણે જણાવે છે:—

" **ચંદ્રાવતી**—આબુરોડ સ્ટેશનથી લગભગ ૪ માઇલની દક્ષિણે દૂર દૂર સુધી ચંદ્રાવતી નામક પ્રસિદ્ધ અને પ્રાચીન નગરીના ખંડેરો નજરે પડે છે. આ નગરી પહેલાં પરમારોની રાજધાની હતી અને બહુજ સ્મૃદ્ધિશાલિની હતી. એ વાતની સાક્ષી, આ સ્થાને જે અનેક ભગ્નમંદિરોનાં ચિન્હો તથા ઠેકાણે ઠેકાણે પડી રહેલા આરસ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પૂજન આદિક સઘળા (દેવપૂજા સંબંધી) કાર્યો સદૈવ કરવાં અને નિર્વહવાં.

તથા, શ્રી ચંદ્રાવતીના બીજા પણ સમસ્ત મહાજન અને સકલ જિનમંદિર પૂજક આદિ શ્રાવક સમુદાયે પણ તેમજ કરવું.

પછી, ઉવરણી અને કીસરઉલી ગ્રામના, પ્રાગ્વાટ, ધર્કટ આદિ જુદી જુદી જાતોના આગેવાન શ્રાવકોનાં નાંમો આપ્યાં છે. અને જણાવ્યું

---

પહાણના ઢગલાઓ છે, તે સ્પષ્ટ રીતે આપી રહ્યા છે. મંત્રી તેજપાલની ધર્મપરાયણા અને પતિવ્રતા પત્ની અનુપમાદેવી આજ નગરીના રહેવાસી પોરવાડ મહાજન ગાગાના પુત્ર ધરણિગની પુત્રી હતી. કહેવાય છે કે, જ્યારે જ્યારે મુસલમાનોની સેનાઓ આ રસ્તે થઇને નિકળતી ત્યારે ત્યારે આ વૈભવશાલિની નગરીને લૂટવામાં આવતી હતી. આવી વિપત્તિના લીધે આખરે આ નગરી સર્વથા ઉજડ થઈ ગઇ અને અહિંના રહેવાસિઓ પ્રાયઃકરીને ગુજરાતમાં જઈ વસ્યા. અહિં આરસપહાણના બનેલાં ઘણાં મંદિરો હતાં જેમાંના કેટલાએકનાં દ્વારો, તોરણો, અને મૂર્તિઓ આદિ ઉપકરણો ઉખાડી ઉખાડી લોકોએ દૂર દૂરના બીજા મંદિરોમાં લગાડી દીધાં, અને જે બાકી રહ્યાં હતાં તે રાજપૂતાના માલવા રેલ્વેના કંટ્રાકટરોએ તોડી ન્હાંખ્યાં. ઇ. સ. ૧૮૨૨ (વિ. સં. ૧૮૭૯) માં 'રાજસ્થાન' નામક પ્રસિદ્ધ ઇતિહાસના લેખક કર્નલ ટાડ સાહેબ અહિં આવ્યા હતા. તેમણે પોતાના 'ટ્રાવેલ્સ ઈન્ વેસ્ટર્ન્ ઈન્ડીઆ' નામના પુસ્તકમાં અહિંના બચેલા કેટલાંક મંદિરાદિકોનાં ચિત્રો આપ્યાં છે, જેમનાથી તેમની કારીગરી અને સુન્દરતા આદિનું અનુમાન થઈ શકે છે. ઈ. સ. ૧૮૨૪ (વિ. સં. ૧૮૮૧) માં સર ચાર્લ્સ કૉલ્વિલ સાહેબ પોતાના મિત્રો સાથે અહિં આવ્યા ત્યારે આરસપહાણના બનેલાં ૨૦ મંદિરો અત્ર ઉભાં હતાં જેમની પ્રશંસા એ સાહેબે કરી છે. વર્તમાનમાં આ જગ્યાએ એક પણ મંદિર સારી સ્થિતિમાં નથી. એક વૃદ્ધ રાજપૂતે વિ. સં. ૧૯૪૪ માં મ્હને અહિંના મંદિરોની બાબતમાં કહ્યું હતું કે "રેલ્વે (રાજપૂતાના માલવા રેલ્વે) થવાની પહેલાં તો આ ઠેકાણે અનેક આરસના બનેલાં મંદિરો વિદ્યમાન હતાં પરંતુ જ્યારે રેલ્વેના કંટ્રાકટરોએ અહિંના પત્થરો લઈ જવા માટે કંટ્રાકટ લીધો ત્યારે તેમણે તે ઉભાં રહેલાં મંદિરોને પણ તોડી પાડી, તેમના પત્થરો લઈ ગયા. આ વાતની જ્યારે રાજ્યને ખબર પડી ત્યારે તેમને તે પત્થર લઇ જતા બંધ કરવામાં આવ્યા, તેથી તેમના ભેગા કરેલા પત્થરોના ઢગલાઓ હજુ સુધી ચંદ્રાવતી અને માવલની વચમાં ઠેકાણે ઠેકાણે પડી રહેલા છે. અને કેટલાક પત્થરો સાંતપુરની પાસે પડેલા છે." આવી રીતે એ પ્રાચીન નગરીના મહત્ત્વનો ખેદજનક અંત આવ્યો. હવે તો તે અનુપમ મંદિરોનાં દર્શન મહાનુભાવ કર્નલ ટૉડે આપેલા સુંદર ચિત્રો સિવાય કોઇપણ રીતે થઇ શકતાં નથી.—પૃષ્ઠ. ૪૧–૪૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે તેમણે આ મંદિરની પ્રતિષ્ઠાની વર્ષગ્રંથિ ( દરેક વર્ષગાંઠ ) ઉપર જે આષ્ટાહ્નિક મહોત્સવ કરવામાં આવે તેના પહેલા દિવસે–ચૈત્રવદિ ૩ ત્રીજે સ્નાત્ર અને પૂજન આદિક ઉત્સવ કરવો.

આવીજ રીતે બીજા દિવસે–ચૈત્ર વદિ ૪ ના દિવસે, કાસહૃદગ્રામના જુદી જુદી જાતોના આગેવાન શ્રાવકોએ, વર્ષગાંઠના આષ્ટાહ્નિક મહોત્સવના બીજા દિવસનો મહોત્સવ ઉજવવો.

પંચમીના દિવસે, બ્રહ્માણ વાસી શ્રાવકોએ, આષ્ટાહ્નિક મહોત્સવના ત્રીજા દિવસનો ઉત્સવ કરવો.

છઠના દિવસે, ધઉલીગામના શ્રાવકોએ ચોથા દિવસનો ઉત્સવ કરવો.

સાતમના દિવસે, મુંડસ્થળ મહાતીર્થવાસી તથા ફીલિણી ગામ નિવાસી શ્રાવકોએ પાંચમા દિવસનો મહોત્સવ ઉજવવો.

અષ્ટમીના દિવસે, હંડાઉદ્રા ગામના અને ડવાણી ગામના શ્રાવકોએ છઠા દિવસનો મહોત્સવ કરવો.

નવમીના દિને મડાહડના શ્રાવકોએ સાતમા દિવસનો મહોત્સવ કરવો.

દશમીના દિવસે સાહિલવાડાના રહેવાસી શ્રાવકોએ એ મહોત્સવના આઠમા દિવસનો મહોત્સવ ઉજવવો.

તથા અર્બુદ ઉપરના દેઉલવાડા ગામના નિવાસી સમસ્ત શ્રાવકોએ નેમિનાથ દેવના પાંચે કલ્યાણકો યથા દિવસે, પ્રતિવર્ષ કરવાં.

આ પ્રમાણેની વ્યવસ્થા, શ્રી ચંદ્રાવતીના રાજા શ્રીસોમસિંહ દેવે, તથા તેમના પુત્ર રાજકુમાર શ્રીકાન્હડદેવ પ્રમુખ કુમારોએ, અને બીજા સમસ્ત રાજવર્ગે, તથા ચંદ્રાવતીના સ્થાનપતિ ભટ્ટારક આદિ કવિલાસોએ ( કવિ વર્ગ=પંડિત વર્ગ ? ); તથા ગૂગલી બ્રાહ્મણ અને સમસ્ત મહાજનના સમુદાયે, તથા આબુ ઉપરના શ્રીઅચલેશ્વર અને શ્રીવસિષ્ઠ સ્થાનના, તેમજ નજીક રહેલાં દેઉલવાડા, શ્રીમાતામહબુ ગ્રામ, આબુય ગ્રામ, ઓરાસા ગ્રામ, ઉત્તરછ ગ્રામ, સિહર ગ્રામ, સાલ ગ્રામ, હેઠઉંજી ગ્રામ, આખી ગ્રામ અને શ્રીધાંધલેશ્વર દેવના કોટડી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ બાર ગામોમાં રહેનારા સ્થાનપતિ, તપોધન, ગૂગલી બ્રાહ્મણ અને રાઠિય આદિ સમસ્ત પ્રજાવર્ગે, તથા ભાલિ, ભાડા પ્રમુખ ગામોમાં રહેનારા શ્રી પ્રતીહારવંશના સર્વ રાજપુરૂષોએ; પોતપોતાની ઇચ્છા પ્રમાણે શ્રી નેમિનાથ દેવના મંડપમાં બેસી બેસીને મહં૦ શ્રી તેજપાલની પાસેથી પોતપોતાના આનંદ પૂર્વક. શ્રીલુણસિંહવસહિકા નામના આ ધર્મસ્થાનનું સકલ રક્ષણ કાર્ય કરવાનું સ્વીકાર્યું છે તેથી પોતાનું એ વચન પ્રામાણિક રીતે પાલવા માટે આ સઘળા જનોએ તથા એમની સંતાન પરંપરાએ પણ જ્યાં સુધી આ ધર્મ-સ્થાન જગત્માં વિદ્યમાન રહે ત્યાં સુધી આનું રક્ષણ કરવું.

કારણ કે—ઉદારચિત્ત વાળા પુરૂષોનું એજ વૃત્ત હોય છે કે જે કાર્ય સ્વીકાર્યું હોય તેનું અંત સુધી નિર્વહણ કરવું. બાકી કેવલ કપાલ, કમંડલુ, વલ્કલ, શ્વેત યા રકત વસ્ત્ર અને જટાપટલ ધારણ કરવાથી તો શું થાય છે !

તથા મહારાજ શ્રીસોમસિંહદેવે આ લુણસિંહવસહિકામાં વિરાજમાન શ્રીનેમિનાથ તીર્થંકરની પૂજા આદિના ખર્ચ માટે ડવાણી નામનું ગામ દેવદાન તરીકે આપ્યું છે. તેથી સોમસિંહદેવની પ્રાર્થના છે, કે–તેમના –પરમાર–વંશમાં જે કોઈ ભવિષ્યમાં શાસક થાય તેમણે ‘ આચંદ્રાર્ક ’ સુધી આ દાનનું પાલન કરવું.

એ પછી બે પદ્યો છે જે કૃષ્ણર્ષીય નયચંદ્રસૂરિનાં રચેલાં છે અને તેમાં અર્બુદગિરિનું માહાત્મ્ય વર્ણવામાં આવ્યું છે.

અંતમાં, ‘ સં. સરવણનો પુત્ર સં. સિંહરાજ, સાધૂ સાજણ, સં. સહસા, સાઇદેપુત્રી સુનથવ પ્રણામ કરે છે. ’ આ પ્રમાણે ઉલ્લેખ છે. આ લીટીના અક્ષરો, ઉપરના આખા લેખથી જુદા પડે છે તેથી જણાય છે કે કોઇએ પાછળથી ઉમેર્યું છે. મ્હોટા તીર્થ સ્થળોમાં યાત્રિઓ આવી રીતે પોતાનું નામ કોતરાવવામાં પુણ્ય સમજતા હતા અને તેના માટે ખાસ દ્રવ્ય આપી આવાં નામો કોતરાવતા હતા. કેશરી-આજી વિગેરે ઘણા ઠેકાણે આવા હજારો નામો યત્ર તત્ર કોતરેલાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખમાં જણાવેલા ગામોમાંના કેટલાંક ગામોનાં નામોનો ખુલાસો આપતાં ડૉ. લ્યુડર્સ જણાવે છે કે—

" આ લેખમાં જે જે સ્થાનો વર્ણવ્યાં છે તેમાનાં નીચે લખેલાંનો પત્તો મળી શકયો છે. અર્બુદ ઉપરનું દેઉલવાડા તે હિંદુસ્તાનના નકશામાંનું ( Indian Atlas ) દીલવારા છે જે અક્ષાંસ ૨૪° ૩૬' ઉત્તર, તથા રેખાંસ ૭૨°૪૩' પૂર્વ ઉપર આવેલું છે. ઉમરણિકી ગામ તે નકશાનું ઉમર્ણી છે જે દીલવારાથી દક્ષિણ પૂર્વમાં ૭ માઇલ દૂર આવેલું છે. ધઉલી ગામ તે ધઉલી છે જે દીલવારાથી પશ્ચિમ–દક્ષિણ–પશ્ચિમમાં ૮½ માઇલ દૂર છે, મુંડસ્થલ મહાતીર્થ તે નકશાનું મુરથલા હોઈ શકે જે દીલવારાથી ૮½ માઇલ દૂર દક્ષિણ–પૂર્વમાં છે. ગડાહડ નામ નકશાનું ગડર છે જે દીલવારાથી દક્ષિણ–પશ્ચિમમાં ૧૧ માઇલ દૂર છે; કદાચ ગડાર ( ગડાદ ) ને બદલે ગડર વપરાયું હોય. સાહિલવાડા તે સેલવર છે જે દીલવારાથી પશ્ચિમ–ઉત્તર પશ્ચિમમાં ૮½ માઇલ દૂર છે. જે ગામો ખાસ કરીને અર્બુદ પર્વત પાસે આવેલાં છે એમ જે કહેવામાં આવ્યું છે તેમાંનું આણુય તે નકશામાંનું આણુ છે જે દીલવારાથી દક્ષિણ-પશ્ચિમમાં ૧½ માઇલ દૂર છે. ઉતરચ્છ તે ઉતરજ છે જે દીલવારાથી ઉત્તર–પૂર્વમાં ૫½ માઇલ દૂર છે. સિહર તે સર છે જે દીલવારાથી દક્ષિણ–પશ્ચિમમાં ૮ માઇલ દૂર છે. હેડઉંજી તે હેઠંજી છે જે દીલવારાથી દક્ષિણે બે માઇલ દૂર છે. કોટડી તે નકશાનું દીલવારાથી પૂર્વમાં સાત માઇલ ઉપર આવેલું કોટડા હશે. સાલ ઘણુંખરૂં સાલગાંમ હશે જે દીલવારાથી દક્ષિણ–પૂર્વ–દક્ષિણમાં એક માઇલ છે. નકશામાં નામ આપ્યું છે તે ખોટું ધારી એમ કહી શકાય કે, દીલવારાથી ઉત્તર–પશ્ચિમમાં આવેલું ત્રણ માઇલ દૂર જે ઓહીઆ ગામ છે તે ઓરાસા હશે. "

---

## ( ૬૬ )

આ નેમિનાથના મુખ્ય મંદિરની આજુબાજુ બીજી ન્હાની ન્હાની ૫૨ દેવકુલિકાઓ છે તે દરેક ઉપર જુદા જુદા લેખો છે. આ દેવકુલિકાઓ ઉપર હાલમાં નવા અનુક્રમનાં નંબરો લગાડેલાં છે. તેમાં ૩૯ માં નંબરની દેવકુલિકા ઉપર નં. ૬૬ નો લેખ આવેલો છે. લેખમાં કુલ ૪૫ પંકિતઓ છે. અક્ષરો મ્હોટા અને કેટલીક જગ્યાએ ઘસાઈગએલા છે, પરંતુ સારીપેઠે વાંચી શકાય તેવા છે. લેખમાં ભાષા જો કે સંસ્કૃત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાપરવામાં આવી છે પરંતુ તે ઘણીજ વ્યાકરણ વિરૂદ્ધ છે તથા પ્રાકૃત પ્રયોગોથી ભરેલી છે. આ લેખમાં, વસ્તુપાલ અને તેજપાલે અનેક સ્થળે જે મંદિર અને મૂર્તિ આદિ કીર્તનો કરાવ્યાં હતાં તેમાંનાં કેટલાકની નોંધ આપેલી છે. લેખનો સાર આ પ્રમાણે છે—

'સ્વસ્તિ. સં. ૧૨૯૬ ના વૈશાખ શુદી ૩.

શત્રુંજય મહાતીર્થ ઉપર મહામાત્ય તેજપાલે નંદીસર (નંદીશ્વર) ના પશ્ચિમ મંડપ આગળ એક શ્રીઆદિનાથભગવાનનું બિંબ, તથા ધ્વજાદંડ અને કલસ સહિત દેવકુલિકા બનાવી. તથા આજ (આણુ) તીર્થમાં મહં૦ શ્રીવસ્તુપાલે શ્રીસત્યપુરીય શ્રીમહાવીરબિંબ અને ખત્તક બનાવ્યાં. તથા વળી અહિંયાજ પાષાણમય બિંબ, બીજી દેવકુલિકામાં બે મત્તક અને ઋષભઆદિ તીર્થંકરોની ચોવીસી બનાવી. તથા ગૂઢમંડપમાં પૂર્વ બાજુના દ્વાર આગળ ખત્તક, મૂર્તિયુગ્મ અને તે ઉપર (?) શ્રીઆદિનાથભગવાનનું બિંબ બનાવ્યું. ઉજ્યંત (ગિરનાર) ઉપર શ્રીનેમિનાથના પાદુકામંડપમાં શ્રીનેમિનાથનું બિંબ અને ખત્તક બનાવ્યું. આજ તીર્થ ઉપર મહં૦ શ્રીવસ્તુપાલના કરાવેલા આદિનાથની આગળ મંડપમાં શ્રીનેમિનાથનું બિંબ અને ખત્તક બનાવ્યું. શ્રીઅર્બુદગિરિમાં શ્રીનેમિનાથના મંદિરની જગતીમાં બે દેવ કુલિકા અને ૬ બિંબો બનાવ્યાં.

જાવાલીપુર+ માં શ્રીપાર્શ્વનાથના મંદિરમાં આદિનાથનું બિંબ અને દેવકુલિકા કરાવી.

શ્રીતારણગઢ (તારંગા) ઉપર શ્રીઅજિતનાથ દેવચૈત્યના ગૂઢ મંડપમાં શ્રીઆદિનાથબિંબ અને ખત્તક કરાવ્યાં. *

+ જાવાલીપુર તે મારવાડમાં જોધપુર રાજ્યમાં આવેલું જાલોર શહેરછે.

* તારંગામાં, મંદિરના પ્રવેશદ્વારની બંને બાજુએ બે મ્હોટા ગોખલાઓ જે બનેલા છે, અને જેમાં હાલમાં યક્ષ–યક્ષિણિઓની મૂર્તિઓ સ્થાપન કરેલી છે, તેના માટે આ ઉલ્લેખ છે. આ બંને ગોખલાઓ–ખત્તકો વસ્તુપાલે પોતાના આત્મશ્રેયમાટે બનાવ્યાં છે. એમાં તે વખતે આદિનાથ



Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

શ્રીઅણહિલ્લપુર ( પાટણ ) માં હથીઆવાપી ( વાવ ) ની નજીકમાં આવેલા શ્રીસુવિધિનાથ તીર્થંકરના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તથા તેમનું નવીન બિંબ સ્થાપન કર્યું.

વીજાપુર * માં બે દેવકુલિકા તથા શ્રીનેમિનાથ અને શ્રીપાર્શ્વ-નાથનાં બિંબો બનાવ્યાં. શ્રીમૂલપ્રાસાદમાં કવલી ( ગાદી ? ) અને ખત્તક તથા આદિનાથ અને મુનિસુવ્રતસ્વામિની પ્રતિમાઓ કરાવી.

લાટાપલ્લી ‡ માં આવેલા શ્રીકુમારવિહારના જીર્ણોદ્ધારના સમયે શ્રીપાર્શ્વનાથના આગળના મંડપમાં પાર્શ્વનાથનું બિંબ અને ખત્તક કરાવ્યું.

---

ભગવાનની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી હતી. પાછળથી કોણ જાણે શા કારણથી અને કઇ વખતે તેમનું ઉત્થાપન થયું તે જાણી શકાયું નથી. વર્ત-માનમાં તો એમાં ઉપર જણાવ્યા પ્રમાણે યક્ષ અને યક્ષિણીની મૂર્તિ સ્થાપિત છે. આ બંને ગોખલાઓ ઉજ્જવલ આરસપાષાણના બનેલા છે. પરંતુ તે ઉપર હાલમાં ચુનો અને રંગ ચઢાવી દીધેલાં છે તેથી તેમની કારીગરી અને સુંદરતા બિલકુલ જણાતી નથી. આ ગોખલાઓમાં ગાદીના નીચેના ભાગ ઉપર વસ્તુપાલના લેખો પણ કોતરેલા છે. પરંતુ તેમની ઉપર પણ ચુનો વિગેરે ચોપડેલો છે તેથી તે લેખો પણ કોઇને જણાતા નથી. ઘણીક બારીક રીતે તપાસ કરતાં તે લેખો જણાઇ આવે તેમ છે. બંને લેખોમાં એકજ પ્રકારનો ઉલ્લેખ અને પાઠ છે. એ લેખ આગળ " તારંગાના લેખો " માં આપવામાં આવેલો છે.

* વીજાપુર, ઉત્તર ગુજરાતમાં આવેલો એક કસ્બો છે, અને તે ગાયકવાડી રાજ્યના કડી પ્રાંતમાંના એ નામના તાલુકાનું મુખ્ય સ્થાન છે.

‡ લાટાપલ્લી તે હાલનું લાડોલ નામનું ગામ છે જે ઉપર્યુક્ત વીજાપુ-રથી ઉત્તરે ત્રણ ગાઉ ઉપર આવેલું છે. એ સ્થાન પૂર્વકાલમાં સમૃદ્ધ હશે એમ એની આસપાસ પડેલા કોતરકામવાળા પત્થરોના ઢગલાઓ ઉપરથી જણાય છે. એના ઉલ્લેખો ઘણી જગ્યાએ જોવામાં આવે છે. આ લેખમાં જણાવેલો કુમારવિહાર વર્તમાનમાં વિદ્યમાન નથી તેમજ તે કયાં આગળ આવેલો હતો એવું પણ કાંઈ ચિન્હ જણાતું નથી, હાલમાં એ ગામમાં ફક્ત એક જિનમંદિર છે અને તે અર્વાચીન છે. થોડા વર્ષ પહેલાં એ ગામમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રલ્હાદનપુર ( પાલનપુર ) માં આવેલા પાલ્હણવિહાર નામના મંદિરમાં ચંદ્રપ્રભતીર્થંકરના મંડપમાં બે ખત્તકો કરાવ્યાં.

આ જ મંદિરની જગતી ( ભમતી=પ્રદક્ષિણામાર્ગ ) માં નેમીનાથની આગળવાળા મંડપમાં મહાવીર જિનની પ્રતિમા કરાવી. આ બધું ( એ ભાઈઓએ ) કરાવ્યું છે.

નાગપુરીય અને વરહુડીયા વંશના સા. નેમડના પુત્રો સા. રાહડ અને સા. જયદેવ, તેમનો ભાઇ સા. સહદેવ, તેનો પુત્ર સંઘપતિ સા. ખેટા તથા તેનો ભાઈ ગોસલ; સા. જયદેવના પુત્રો સા. વીરદેવ, દેવકુમાર અને હાલુય; સા. રાહડના પુત્રો– સા. જિણચંદ, ધણેશ્વર અને અભયકુમાર, તેમના લઘુ ભાઈ સા. લાહડે પોતાના કુટુંબ સાથે આ કરાવ્યું ( શું કરાવ્યું છે, તે લેખમાં જણાવ્યું નથી, પરંતુ એમ જણાયછે કે જે દેવકુલિકા ઉપર આ લેખ કોતરવામાં આવ્યો છે, તે દેવકુલિકા એણે કરાવી હશે. ) નાગેન્દ્ર ગચ્છના આચાર્ય વિજયસેનસૂરીએ પ્રતિષ્ઠા કરી.

૩૩ મી પંક્તિથી તે ૪૫ મી પંક્તિ સુધીની ૧૩ પંક્તિઓ પાછળથી ઉમેરવામાં આવીછે એમ વર્ણન અને કોતર કામ બંને ઉપરથી જણાય છે. એમાં જણાવ્યું છે કેઃ—

સા. રાહડના પુત્ર જિણચંદની ભાર્યા ચાહિણીની કુક્ષીમાં અવતરેલા સંઘપતિ સા. દેવચંદે પોતાના માતાપિતાના શ્રેયાર્થે જાવાલિપુરવાળા સુવર્ણગિરિ પર્વત ઉપર આવેલા પાર્શ્વનાથ–મંદીરની

---

એક ઠેકાણેથી જમીનમાં દટાએલી કેટલીક પ્રતિમાઓ મળી આવી હતી જે તદ્દન અખંડિત અને ઘણીજ સંભાળપૂર્વક સચવાએલી જણાતી હતી. એ બધી પ્રતિમાઓ હાલમાં ત્યાંના નવીન મંદિરમાંજ પધરાવેલી છે. એ મૂર્તિઓમાંની કેટલીક ઉપર લેખો પણ કોતરેલા છે જે શ્રી બુદ્ધિસાગરસૂરિ તરફથી હાલમાં જ બહાર પડેલા ' जैन धातु प्रतिमा लेख संग्रह ' ના ભાગ ૧, ના પૃષ્ટ ૭૮–૭૯ માં આપેલા છે. વિજયદેવસૂરી ઘણીક વખતે એ ગામમાં આવેલા અને રહેલા છે એમ विजयदेव महात्म्य ઉપરથી જણાય છે. પૂર્ણિમા–પક્ષ ( પુનમીયાગચ્છ ) ની એક શાખાવાળાઓનું એ મુખ્ય સ્થાન હતું, એમ પણ કેટલાક રાસોની પ્રશસ્તિઓથી સમજાય છે.

૧૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતીમાં– અષ્ટાપદનામના ચૈત્યમાં બે ખત્તક કરાવ્યા; લાટાપલ્લિમાં કુમારવિહારની જગતીમાં અજિતનાથનું બિંબ તથા દંડ અને કળસ સહિત દેવકુલિકા કરાવી; આ જ મંદિરમાં અજિતનાથ અને શાંતિનાથનું– એમ પ્રતિમાયુગલ કરાવ્યું.

અણહિલ્લપુર ( પાટણ ) ની સમીપમાં આવેલા ચારોપ*

---

* ચારૂપ, એ પાટણથી ત્રણ ગાઉ ઉપર આવેલું ન્હાનું સરખું ગામ છે. હાલમાં ત્યાં એક સાધારણ પ્રકારનું મંદિરછે અને તેમાં એક પાર્શ્વનાથની શ્યામવર્ણ મૂર્તી ( કે જે સામળાજીના નામે ઓળખાયછે ) અને એક બીજી શ્વેતવર્ણની અન્યપ્રતિમા પ્રતિષ્ઠિત છે. ઐતિહાસિક ઉલ્લેખો તરફ નજર કરતાં ચારૂપ એ બહુ જૂનું અને પ્રસિદ્ધ તીર્થ સ્થાન જણાય છે. પૂર્વે ત્યાં અનેક મંદિરો હોવાં જોઇએ. प्रभावक चरित्र માં એક સ્થળે, એ સ્થાનના વિષયમાં આ પ્રમાણે ઉલ્લેખ કરેલો દૃષ્ટિગોચર થાય છે—

श्रीकान्तीनगरीसत्कधनेशश्रावकेण यत् ।
वारिधेरन्तरायानपात्रेण व्रजता सता ॥
तदधिष्ठायकसुरस्तम्भिते वाहने ततः ।
अर्चितव्यन्तरस्योपदेशेन व्यवहारिणा ॥
तस्या भुवः समाकृष्टा प्रतिमानां त्रयीशितुः ।
तेषामेका च चारूपग्रामे तीर्थं प्रतिष्ठितम् ॥
अन्या श्रीपत्तने चिञ्चातरोर्मूले निवेशिता ।
अरिष्टनेमिप्रतिमा प्रासादन्तः प्रतिष्ठिता ॥
तृतीया स्तंभनग्रामे सेढिकातटिनीतटे ।
तरुजालान्तरे भूमिमध्ये विनिहितास्ति च ॥

(–अभयदेवसूरिप्रबन्ध, १३८–४२ )

આ શ્લોકોનો ભાવાર્થ એ છે કે–કાંતીનામા નગરીનો રહેવાસી કોઇ ધનેશ નામનો શ્રાવક સમુદ્રમાં મુસાફરી કરતો હતો ત્યારે એક જગ્યાએ તેના વાહણો દેવતાએ સ્તંભિત કરી દીધાં. શ્રાવકે સમુદ્રાધિષ્ઠિત દેવતાની પૂજા કરી ત્યારે તેણે કહ્યું કે આ સ્થળે ત્રણ જિનપ્રતિમાઓ રહેલી છે તે કઢાવીને તું લઇજા. ધનેશે તે પ્રતિમાઓ કઢાવી ને સાથે લીધી તેમાંની એક તેણે ચારૂપમાં, બીજી પાટણમાં આમલીના ઝાડ નીચે વાળા અરિષ્ઠનેમિના મંદિરમાં અને ત્રીજી સેઢી નદીના કાંઠે આવેલા સ્તંભનક ગ્રામમાં એમ ત્રણ સ્થળે પધરાવી. (સ્તંભનક માટે આગળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( હાલનું ચારૂપ ) નામના સ્થાનમાં આદિનાથનું બિંબ, એક મંદિર અને ૬ ચઉકિયા ( વેદીઓ ? ) સહિત ગૂઢમંડપ બનાવ્યું.

પૃષ્ટ ૭૧ ઉપર ખુલાસો કરવામાં આવ્યો છે, ત્યાં જુઓ. ) આ ઉપરથી એમ સમજાય છે કે प्रभावक चरित्रकार ના સમયમાં એ સ્થાન બહુ મહત્ત્વનું અને પ્રાચીન ગણાતું હતું. એ જ ચરિત્રમાં વીરસૂરીના પ્રબંધમાં લખવામાં આવ્યું છે કે–વીરસૂરિ પાટણ આવ્યા ત્યારે પ્રથમ તેઓ ચારૂપ આવીને રહ્યા હતા અને ત્યાં તેમનો સિદ્ધરાજ જયસિંહે તથા પાટણના સંઘે ખૂબ સત્કાર કર્યો હતો. ૧૪ મા સૈકામાં થઇ ગયેલ માંડવગઢના પ્રસિદ્ધ ધનાઢ્ય પેથડશાહે ચારૂપમાં એક શાંતિનાથનું મંદિર બનાવ્યું હતું, એમ सुकृतसागर અને મુનિસુંદરસૂરીની બનાવેલી गुर्वावली માં સ્પષ્ટ ઉલ્લેખ છે. उपदेशतरंगिणी માં કેટલાક પ્રસિદ્ધ પ્રસિદ્ધ તીર્થસ્થળોનાં નામો ગણાવ્યાં છે તેમાં પણ ચારૂપ નું નામ જોવામાં આવે છે:—

" श्रीजीरापल्ली–फलवर्धि–कलिकुंड–कुर्कुटेश्वर–पावक–आरासण–संखेश्वर–चारूप–रावणपार्श्व–वीणादीश्वर–चित्रकूट–आघाट–श्रीपुर–स्तंभनपार्श्व–राणपुरचतुर्मुखविहाराद्यनेकतीर्थानि जगतीतले वर्तमानानि । "

આ સિવાય બીજાં પણ અનેક તીર્થમાળા આદિ પ્રકરણોમાં તથા સ્વતંત્ર સ્તોત્ર–સ્તવનોમાં ચારૂપને એક પવિત્ર તીર્થ તરીકે કથવામાં આવ્યું છે. એ બધા ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે જુના સમયમાં એ સ્થાન બહુ પ્રસિદ્ધ હતું અને ત્યાં અનેક મંદિરો હતાં. વર્તમાનમાં એ ઠેકાણે પ્રાચીનતાદર્શક કોઇ વિશેષ પ્રમાણો દેખાતાં નથી. પરંતુ જો ખોદકામ કરવામાં આવે તો કેટલીક મૂર્તિઓ વિગેરે મળી આવવાનો ખાસ સંભવ રહે છે. મ્હેં મ્હારી મુલખાત દરમ્યાન એ સ્થાને એક પરિકરનો ખંડિત ભાગ જોયો હતો જેના ઉપર આ પ્રમાણે લેખ કોતરેલો હતોઃ—

(૧) ...... ..दि १३ श्रीनागेन्द्रगच्छे श्रीसीलगुणसूरिसंताने श्रे० राधण सुत श्रे० सोमा तथा श्रे० जसरा सुत

(२) ........देवाभ्यां चारूपग्रामे श्रीमहातीर्थे श्रीपार्श्वनाथपरिकरकारित

(३) प्रतिष्ठितं श्रीदेवचन्द्रसूरिभिः ।

આ લેખમાં જણાવેલા દેવચંદ્રસૂરી સાથે સંબંધ ધરાવનારો સંવત્ ૧૩૦૧ નો એક લેખ પાટણમાં છે. તથા ખાસ એ આચાર્યની એક મૂર્તિ પણ પાટણના પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં વિરાજિત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખ તથા નં. ૧૦૬, ૧૦૭, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૬, અને ૧૨૭ વાળા લેખો એકજ કુટુંબના છે. નં. ૧૦૬–૭ વાળા લેખોમાં જણાવ્યું છે કે–પૂર્વે નાગપુરમાં ( મારવાડમાં–જોધપુર રાજ્યના તાબે આવેલું હાલનું નાગોર શહેર ) વરદેવ નામે શ્રેષ્ઠી હતો જેનાથી 'વરહુડીયા' આવું નામ એ વંશનું પડ્યું. તે વરદેવને બે પુત્રો હતા એક આસદેવ અને બીજો લક્ષ્મીધર. આસદેવને સા. નેમડ, આભટ, માણિક અને સલખણ; તથા લક્ષ્મીધરને થિરદેવ, ગુણધીર, જગધર અને ભુવન નામે પુત્રો થયા. તેમાં ફક્ત એકલા નેમડના જ વંશજોનું આ બધા લેખોમાં વર્ણન છે. ડૉ. પીટર્સનના ૩ જા રીપોર્ટમાં ( પૃષ્ટ ૬૦ અને ૭૩ ) એ વંશ સંબંધી બે પ્રશસ્તિઓ આપેલી છે. જેમાં એકમાં નેમડના વંશનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. નેમડ જાતિએ પલ્લીવાલ વૈશ્ય હતો. તે કોઈ કારણથી પોતાના મૂળ વતન નાગપુરને છોડી પાલ્હણપુરમાં આવીને રહ્યો હોય એમ બીજી પ્રશસ્તિના ઉલ્લેખ ઉપરથી જણાય છે. એના સંતાનો તપાગચ્છનો બિરૂદ પ્રાપ્ત કરનાર જગચ્ચંદ્રસૂરિના શિષ્યો દેવેન્દ્રસૂરિ, વિજયચંદ્રસૂરિ અને દેવભદ્રગણી–એ ત્રિપુટીના અનુરાગી હતા. એમના ઉપદેશથી નેમડના સંતાનોમાંથી દરેકે જુદા જુદા અનેક ધર્મકાર્યો કર્યાં હતાં. એ પ્રશસ્તિ તથા પ્રસ્તુત લેખોમાંથી નેમડની વંશાવલી આ પ્રમાણે બને છે:—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- નેમડ
  - રાહડ (૧ લક્ષ્મી—*૨ નાઇકિ.)
    - જિનચંદ (ચાહિણી.)
      - ધાહિણી (કન્યા.)
      - દેવચંદ
      - નામંધર
      - મહીધર
      - વીરધવલ
      - ભીમદેવ
    - ધનેશ્વર. (ધનશ્રી.)
      - અરસિંહાદિ.
    - લાહડ (લક્ષ્મશ્રી.)
  - જયદેવ (જાલ્હણુ દેવી.)
    - વીરદેવ (વિજયસિરી.)
    - દેવકુમાર (દેવસિરી.)
    - હાલુ (હરસિણી.)
  - સહદેવ (સૌભાગ્યદેવી.)
    - ખેટા (ફીલધી.)
      - જેહડ.
      - હેમચંદ્ર.
      - કુમારપાલ.
      - પાસદેવ.
    - ગોસલ (ગુણદેવી.)
      - હરિચંદ્ર
      - દેમતી

* નં. ૧૨૧ ના લેખમાં ' વડી ' નામ આપ્યું છે. નં. ૧૦૭ માં ' વરી ' છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશસ્તિમાં એમ પણ જણાવ્યું છે કે—જિનચંદ્રના પુત્રોમાંથી વીરધવલ અને ભીમદેવે દેવેન્દ્રસૂરિની પસે દીક્ષા લીધી હતી. દેવચંદ્રે તીર્થયાત્રા માટે સંઘ કાઢી સંઘપતિ પદ પ્રાપ્ત કર્યું હતું. લાહડે પણ જિનપ્રતિમા ભરાવવામાં અને પુસ્તકો લખાવવામાં પુષ્કળ ધન ખર્ચ્યું હતું. પેઢા અને ગોસલ બન્ને ભાઇઓએ શત્રુંજય અને ગિરનાર આદિ તીર્થોની યાત્રા માટે મ્હોટા સંઘો કાઢયા હતા. આવી રીતે એ કુટુંબે અનેક ધર્મકૃત્યો કરી સ્વદ્રવ્યનું ફળ ભોગવ્યું હતું. મહામાત્ય તેજપાળના આ મંદિરમાં આ કુટુંબે આવી રીતે દેવકુલિકા અને જિનમૂર્તિઓ કરાવી છે તેનાથી એમ સમજાય છે કે એ બંને શ્રીમંત કુટુંબોમાં પરસ્પર કોઈ કૌટુંબિક–સંબંધ કે સઘન સ્નેહસંબંધ હોવો જોઇએ. કારણ કે તેજપાળનો આ આદર્શ મંદિર બનાવવામાં પોતાના સંબંધિઓ કે સ્નેહિઓનું સ્મરણ શાસ્વતરૂપે રાખવાનોજ મુખ્ય ઉદ્દેશ હતો.

( ૬૭–૬૮ )

નં. ૩૯ અને ૪૦ વાળી દેવકુલિકા ઉપર આ બંને લેખો ક્રમથી કોતરેલા છે. પહેલામાં લખ્યું છે કે–તેજપાલે પોતાના મ્હોટા ભાઈ વસ્તુપાલની સોખુકા નામની સ્ત્રીના પુણ્યાર્થે, સુપાર્શ્વનાથની પ્રતિમા વડે અલંકૃત થએલી આ દેવકુલિકા કરાવી છે; અને બીજામાં, એજ મહામાત્યની લલિતાદેવી નામની પત્નીના શ્રેય માટે આ દેવકુલિકા કરાવી છે.

( ૬૯–૭૨ )

નં. ૪૧ થી ૪૪ સુધીની દેવકુલિકાઓ ઉપર ૬૯ થી ૭૨ નંબર વાળા લેખો કોતરેલા છે. મહામાત્ય વસ્તુપાલના પુત્ર જયતસિંહ અને તેની ત્રણ સ્ત્રીઓ જે જયતલદેવી, સુહવદેવી અને રુપાદેવી નામે હતી તેમના પુણ્ય માટે આ ૪ દેવકુલિકાઓ ક્રમથી બનાવી છે.

( ૭૩–૭૪ )

ક્રમથી ૪૫ અને ૧ નંબરની દેવકુલિકા ઉપર કોતરેલા. મહં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમાલદેવ ( જે વસ્તુપાલનો મ્હોટો ભાઈ હતો ) ની બંને પુત્રીઓ જે સહજલ અને સદમલ નામે હતી તેમના પુણ્યાર્થે આ બંને દેવકુલિકાઓ કરાવી છે.

( ૭૫ )

૨ જા નંબરની દેવકુલિકા. માલદેવના પુત્ર મહં૦ શ્રીપુંનસીહની ભાર્યા આલ્હણદેવીના કલ્યાણ માટે.

( ૭૬–૭૭ )

અનુક્રમે ૩–૪ નંબરની દેવકુલિકા ઉપર. મહં૦ શ્રી માલદેવની ભાર્યા પાતૂ અને લીલૂના શ્રેયાર્થે આ બંને દેવકુલિકાઓ કરાવી છે.

( ૭૮ )

૫ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી માલદેવના પુત્ર મહં૦ શ્રી પુંનસીહના પુત્ર પેથડના પુણ્યાર્થે.

( ૭૯ )

૬ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી માલદેવના પુત્ર મહં૦ શ્રી પુંનસીહના કલ્યાણ માટે.

( ૮૦ )

૭ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી માલદેવના શ્રેય સારૂં.

( ૮૧ )

૮ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી પુંનસીહની પુત્રી બાઈ વલાલદેવીના કલ્યાણ નિમિત્તે.

( ૮૨ )

૯ નંબરની દેવકુલિકા.

ગુંદઉચ્ચ મહાસ્થાન (મારવાડમાં પાલી પાસે 'ગુંદોચ' કરીને ગામ છે તે) ના નિવાસી ધર્કટવંશીય શ્રે. બાહટિના પુત્ર શ્રે. ભાભૂના પુત્ર શ્રે૦ ભાઈલે, પોતાના સઘળા કુટુંબસાથે આ દેવકુલિકા કરાવી. પોતાના ગુરૂ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીપદ્મદેવસૂરિ અને સૂત્રધાર § શોભનદેવની સમક્ષ, નેમિનાથદેવની નેચા ( પૂજા ? ) માટે ૧૬ દ્રમ્મ ( તે વખતે ચાલતા એક પ્રકારનાં શિક્કાઓ ) દેવના ભંડારમાં મુકયા છે. તેમનો પ્રતિમાસ ૮ વિંશોપકા ( ટકા ) વ્યાજ આવશે તેમાંથી અર્ધાથી તો મૂલબિંબની અને અર્ધાથી આ દેવકુલિકામાં, પૂજારીઓએ હમેશાં પૂજા કરવી.

( ૮૩ )

૧૦ નંબરની દેવ કુલિકા ઉપર.

સંવત્ ૧૨૯૩, વૈશાખ સુદિ ૧૫, શનિવાર. લેખનો સારાંશ એ છે કે—મહં૦ શ્રી તેજપાલે બનાવેલા આ લૂણસિંહ વસહિકા નામના શ્રીનેમિનાથદેવના મંદિરની જગતીમાં, ચંદ્રાવતી નિવાસી પ્રગ્વાટ જ્ઞાતીય ઠક્કુર સહદેવપુત્ર ઠ૦ સિવદેવપુત્ર ઠ૦ સોમસિંહ સુત ઠ૦ સાંવતસીહ, સુહડ આદિ કુટુંબે ( આ ઠેકાણે ઘણાં જણનાં નામો છે ) પોતાના મતા-પિતાના શ્રેય માટે પાર્શ્વનાથ તીર્થંકરનું બિંબ કરાવ્યું. નાગેન્દ્રગચ્છના આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી.

( ૮૪ )

૧૪ * નંબરની દેવકુલિકા ઉપર.

સંવત્ ૧૨૯૩ વૈશાખ સુદી ૧૫, શનિવાર. લેખનો ઘણો ખરો ભાગ, ઉપરના લેખને મળતો જ છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય શ્રે૦ વીરચંદ્ર-ભાર્યા શ્રિયાદેવીના પુત્ર શ્રે૦ સાઢદેવ, શ્રે૦ છાહડ-ઈત્યા-

§ શોભનદેવ, આ મંદિર બનાવનાર મુખ્ય સૂત્રધાર ( ઈન્જીનીયર ) હતો. તેના જ બુદ્ધિકૌશલ અને શિલ્પચાતુર્યના લીધે આ મંદિર આવા પ્રકારની અનુપમ રચનાથી અલંકૃત થયું છે. જિનહર્ષ ગણિના वस्तुपाल चरित માં આનું કેટલુંક વર્ણન કરેલું છે. જિનપ્રભુસૂરિએ પણ પોતાના विविधतीर्थ कल्प નામના પુસ્તકમાં એક શ્લોક વડે આ પ્રમાણે એના શિલ્પજ્ઞાનની પ્રશંસા કરી છેઃ—

अहो ! शोभनदेवस्य सूत्रधारशिरोमणेः ।
तच्चैत्यरचनाशिल्पान्नाम लेभे यथार्थताम् ॥

* ૧૧, ૧૨, ૧૩ નંબરની દેવકુલિકાઓ ઉપર લેખો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીએ ( અહિં ઘણાં નામો આપ્યાં છે ) શાંતિનાથદેવનું બિમ્બ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા નવાંગવૃત્તિકારક શ્રીઅભયદેવસૂરિના સંતાનીય શ્રી ધર્મઘોષસૂરિએ કરી.

આ ધર્મસૂરિ મધુકરા નામની ખરતર–ગચ્છની શાખાના હતા, એમ સમયસુન્દરોપાધ્યાયે सामाचारी शतकમાં આ જ લેખનો ઉતારો આપી જણાવે છે. (–‘ अत्र महुकराखरतरगच्छे श्रीधर्मघोषसूरयो ज्ञेयाः । ’) વિશેષમાં વળી એમ પણ જણાવે છે કે દીવ (બંદર)ની પાસે આવેલા ઉના નગરમાં ભોંયરમાં રહેલી એક પ્રતિમા ઉપર પણ એ આચાર્યના નામનો લેખ કોતરેલો છે. યથા—

एवमेव श्रीद्वीपासन्नश्रीऊनानगरे भूमिगृहान्तर्वर्त्तिप्रतिमाप्रशस्तावपि लिखितमस्ति । यथा—‘ नवाङ्गवृत्तिकारश्रीअभयदेवसूरिसन्तानीयैः श्री-धर्मघोषसूरिभिः प्रतिष्ठितम् । ”

ક્ષમાકલ્યાણક ગણિની બનાવેલી खरतरगच्छपट्टावली પ્રમાણે મધુકર ખરતરશાખાની ઉત્પત્તિ સંવત ૧૧૬૭ ની આસપાસ જિનવલ્લભસૂરિના સમયમાં થએલી છે. યથા—

“ तद् ( जिनवल्लभसूरि ) वारके च मधुकरखरतरशाखा निर्गता । अयं प्रथमो गच्छभेदः * ।

( ૮૫ )

૧૫ નંબરની દેવકુલિકા ઉપર.

સંવત્ ૧૨૯૩, ચૈત્રવદી ૮, શુક્રવાર. ઘણોખરો ભાગ ઉપર પ્રમાણે જ લખેલો છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટજ્ઞાતીય મહું૦ કઉડીના પુત્ર શ્રે૦ સાજણે પોતાના પિતૃવ્યભાઈ વરદેવ આદી ( કેટલાંક

* બધી મળીને ખરતરગચ્છની ૯ શાખાઓ થયેલી છે એમ એ જ પટ્ટાવલી ઉપરથી જણાય છે. તેમાં સૌથી પ્રથમ એ શાખા થઈ છે, તેથી આને પ્રથમ ગચ્છભેદ જણાવ્યો છે.

૧૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામો છે ) ની સાથે ઋષભદેવની પ્રતિમાવડે અલંકૃત થયેલી આ દેવકુલિકા કરાવી. પ્રતિષ્ઠા કરનાર વિજયસેનસૂરિ.

લેખના પાછલા ભાગમાં વડગામ અને માંટગામ વસનારાં કેટલાક સ્ત્રી પુરૂષોનાં નામો આપીને અંતે ' વડગચ્છીય શ્રીચક્રેશ્વરસૂરિના અનુયાયી શ્રાવક સાજણે કરાવી ' ( શું ? તે જણાવી નથી ) એમ લખ્યું છે.

( ૮૬ )

૧૬ નંબરની દેવકુલિકા ઉપર.

સં. ૧૨૮૭ ચૈત્રવદી ૩. મહામાત્ય શ્રીતેજપાલે કરાવેલા નેમિનાથના ચૈત્યમાં ધવલક્કક ( હાલનું ધોલકા ) વાસ્તવ્ય શ્રીમાલજ્ઞાતીના ઠ. વીરચંદ્રના પુત્ર ઠ. રતનસીહના પુત્ર દોસી ઠ. પદમસીહે પોતાના પિતા રતનસીહ અને માતા કુમરદેવી જે મહં. નેનાના પુત્ર મહં. વીજાની પુત્રી થાયછે—તેમના કલ્યાણ માટે, સંભવનાથની પ્રતિમા સાથે આ દેવકુલિકા કરાવી.

( ૮૭-૮૮ )

આ બંને લેખો ૧૭ નંબરની દેવકુલિકાના દક્ષિણ અને પૂર્વદ્વાર ઉપર ક્રમથી કોતરેલા છે.

મહામાત્ય તેજપાલે પોતાના પુત્ર લુણસિંહની રયણા અને લખમા નામની બંને સ્ત્રીઓ માટે આ દેવકુલિકા કરાવી, એ લેખોનો તાત્પર્ય છે.

( ૮૯ )

૧૮ નંબરની દેવકુલિકા ઉપર.

મહં. તેજપાલે પોતાની સ્ત્રી અનુપમાદેવીના પુણ્યાર્થે, મુનિસુવ્રતદેવની આ દેવકુલિકા કરાવી છે.

( ૯૦-૯૧ )

૧૯ નંબરવાળી દેવકુલિકાના પશ્ચિમ અને દક્ષિણદ્વાર ઉપર આ બે લેખો કોતરેલા છે.

પશ્ચિમદ્વારવાળા લેખમાં લખ્યું છે—મહં૦ તેજપાલે પોતાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રી બઉલદેવીના શ્રેયાર્થે આ દેવકુલિકા કરાવી છે. અને દક્ષિણદ્વારના લેખમાં લૂણસિંહની પુત્રી ગઉરાદેવીના હિતાર્થે આ દેવકુલિકા કરાવી છે.

( ૯૨–૯૩ )

૨૦ અને ૨૨ નંબરવાળી દેવકુલિકા ઉપર છે ( ૨૧ નંબરની દે. ઉપર લેખ નથી. )

આ બંને લેખો ઉપરના ૮૩–૮૪–૮૫ નંબરવાળા લેખો જેવા જ છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટોએ કોતરાવેલા છે. જુદા જુદા કુટુંબનાં મનુષ્યોનાં નામો આપ્યાં છે. જે ઘણા ભાગે, આ મંત્રીઓના મોસાળ પક્ષના કે તેજપાલના સાસરા પક્ષના હશે.

( ૯૪ થી ૯૯ )

આ ૬ લેખો અનુક્રમે ૨૫ થી ૩૦ નંબર સુધીની દેવકુલિકાઓ ઉપર કોતરેલા છે.

મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલને ૭ બહેનો હતી. તેમના પુણ્યાર્થે આ જુદી જુદી દેવકુલિકાઓ તેજપાલે કરાવી છે અને દરેક ઉપર એકેક બહેનનું નામ આપેલું છે. આ ૭ બહેનોના નામ આ પ્રમાણે છેઃ—

૧ ઝાલ્હણદેવી, ૨ માઉ, ૩ સાઉ, ૪ ધણદેવી, ૫ સોહગા, ૬ વયજુ અને ૭ પદ્મલા. ( આ પદ્મલાનું નામ ૧૦૩ નંબરના લેખમાં છે. )

( ૧૦૦—૧૦૧ )

આ બંને લેખોમાંથી પ્રથમનો લેખ ૩૦ નંબરની દેવકુલિકાના પશ્ચિમદ્વાર ઉપર છે. અને બીજો ૩૧ નંબરની દે. ઉપર છે. પહેલો લેખ બહુજ ખોટો લખાયલો છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના બે કુટુંબોએ આ દેવકુલિકાઓમાં અમુક અમુક જિનની પ્રતિમાઓ કરાવી, એ લેખની હકીકત છે.

( ૧૦૨ )

૩૨ નંબરની દેવકુલિકાના પૂર્વદ્વાર ઉપર.



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

મહામાત્ય તેજપાલે પોતાના મામાના પુત્ર ભાભા અને રાજ-પાલના કથનથી, તેમના પિતા મહં૦ પૂનપાલ તથા માતા મહં૦ પૂનદેવીના શ્રેયાર્થે આ દેવકુલિકામાં ચંદ્રાનનદેવની પ્રતિમા કરાવી.

(૧૦૩)

એજ દે. ના ઉત્તરદ્વાર ઉપર.

તેજપાલની ૭ મી બ્હેન પદ્મલાના કલ્યાણાર્થે વારિસેણદેવની પ્રતિમાવડે અલંકૃત એવી આ દેવકુલિકા કરાવી.

(૧૦૪)

૩૩ નંબરની દેવકુલિકા.

શ્રીમાલજ્ઞાતિના ઠ. રાણાના પુત્ર ઠ. સાહણીયે પોતાની સુહાગ-દેવી નામની સ્ત્રીની કુંખે અવતરેલા ઠ. સીહડ નામના પુત્રના પુણ્યાર્થે યુગાદિજિનનું બિંબ કરાવ્યું.

(૧૦૫)

૩૪ નંબરની દેવકુલિકા.

શ્રીમાલજ્ઞાતીના શ્રે૦ ચાંદાના પુત્ર શ્રે૦ ભોજાના પુત્ર શ્રે૦ ખેતલે પોતાની જાસુનામની માતાના શ્રેયાર્થે અજિત દેવની પ્રતિમા કરાવી.

(૧૦૬-૧૦૭)

૩૫ અને ૩૬ નંબરની દેવકુલિકાઓ ઉપર આ બંને લેખો અનુક્રમે કોતરેલા છે.

નં૦ ૬૬ ના લેખના અવલોકનમાં જણાવેલા વરહુડીઆ કુળના સા૦ નેમડના વંશજોના આ લેખો છે. વિશેષ વર્ણન ઉપ-રોક્ત લેખના વિવેચનમાં આપી જ દીધું છે.

આ બંને લેખોમાં પ્રારંભની ત્રીજી પંક્તિઓમાં श्रीसंभवदेव અને श्री शांतिदेव આ બંને નામોની ઉપર ક્રમથી श्रीमहावीरदेव અને श्रीनेमिनाथदेव આ નામો બારીક અક્ષરોમાં આપ્યાં છે તેની મતલબ નીચેના નામો બાતલ કરી ઉપર આપેલાં નામો કાયમ રાખવાની છે. શિલાપટ્ટોમાં અક્ષરો કોતર્યાં પછી તે પાછા ભૂંસી શકાય તેવી સ્થિતિ ન હોવાથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે લેખમાં જો પાછળથી કાંઈ ફેરફાર કરવાનો હોય છે તો આવી રીતે મૂળ લખેલા ઉપર બીજું લખાણ કરાય છે.

( ૧૦૮–૦૯ )

નંબર ૩૭ અને ૩૮ ની દેવકુલિકાઓ ઉપર આ બંને લેખો લાંબી લાંબી બબ્બે પંક્તિઓમાં કોતરેલા છે.

આ બંને લેખો એકજ પ્રકારના છે. પ્રારંભમાં સંવત્ પુરતો ભાગ ગદ્યમાં છે અને બાકીનાં ૪–૪ પદ્યો છે. જેમાનાં ત્રણ પદ્યો તો એકનાં એકજ છે અને અંતિમ પદ્ય બંનેમાં જુદા જુદા પ્રકારનું છે. ભાવાર્થ આ પ્રમાણે છેઃ––

શ્રીષંડેરકગચ્છીય શ્રીયશોભદ્રસૂરીની શિષ્યસંતતિમાં શ્રીશાંતિસૂરી થયા. તેમના ચરણ કમલમાં ભ્રમર સમાન મંત્રી શ્રીઉદયસિંહ થયો, જે વિપુલ ધનનું દાન કરવાથી તો દાનવીર, ગિરનાર વિગેરે તીર્થોની મહાન આડંબર સાથે યાત્રા વિગેરે ધર્મકૃત્યો કરવાથી ધર્મવીર અને રાજા–મહારાજાઓનું પણ માન મર્દન કરવાથી યુદ્ધવીર––એમ ત્રિવિધવીર ચૂડામણી કહેવાતો હતો. તેનો પુત્ર યશોવીર જે 'કવિન્દ્રબન્ધુ' નો બિરૂદ ધરાવે છે અને જેને સરસ્વતી અને લક્ષ્મીએ એકીસાથે અંગીકાર કર્યો છે અર્થાત્ જે ઉત્તમ વિદ્વાન્ હોઈ મહાન્ ઐશ્વર્યવાન્ છે, તેણે પોતાના પિતાના પુણ્યાર્થે સુમતિનાથ તીર્થંકરની પ્રતિમાયુક્ત અને માતાના શ્રેયાર્થે પદ્મપ્રભબિંબયુક્ત આ બે દેવકુલિકાઓ કરાવી છે.

આ મંત્રી યશોવીર, જાવાલીપુરના ચાહુમાન રાજા ઉદયસિંહનો પ્રધાન હતો. એ બહુશ્રુત વિદ્વાન્ અને રાજનીતિનિપુણ મહામાત્ય હતો. મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલની સાથે આની ગાઢમૈત્રી હતી. તેજપાલના બનાવેલા આ નેમિનાથ ચૈત્યના શિલ્પકામમાં એણે કેટલાક દોષો બતાવ્યા હતા. જિનહર્ષગણિરચિત वस्तुपाल चरित्र માં આના સંબંધમાં કેટલુંક વર્ણન કરેલું છે.

( ૧૧૦–૧૧૧ )

આ મંદિરના મૂળ ગભારાના બારણાની બંને બાજુએ–રંગ–



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડપમાં ઘણીજ ઉત્તમ કારીગિરીવાળા આરસના બે ગોખલાઓ બનેલાછે તેમની ઉપર આ બંને લેખો કોતરેલા છે. બંનેનો લેખપાઠ એકજ પ્રકારનો છે ફક્ત અંતમાં તીર્થંકરના નામો જુદાં જુદાં છે. આ લેખો થોડા થોડા ખંડિત થઈ ગયેલા છે પરંતુ બંનેને મેળવતાં લેખપાઠ સંપૂર્ણ થઈ રહે છે. લેખની મતલબ આ પ્રમાણે છે–

સં૦ ૧૨૯૭, વૈશાખ સુદિ ૧૪, ગુરૂવાર....સહં૦ તેજપાલે પોતાની બીજી પત્ની સુહડાદેવી જે પાટણનિવાસી મોઢજ્ઞાતિના ઠ. ઝાલણના પુત્ર ઠ. આશા અને તેની સ્ત્રી ઠકુરાણી સંતોષાની પુત્રી થાય છે તેના શ્રેયાર્થે આ બંને ખત્તકો અને તેમાં વિરાજિત જિનપ્રતિમાઓ કરાવી છે.

વર્તમાનમાં લોકો આ બંને ગોખલાઓને દેરાણી જેઠાણીના ગોખલા કહે છે અને વસ્તુપાલની સ્ત્રી લલિતાદેવી તથા તેજપાલની સ્ત્રી અનુપમાદેવી––આ બંને જણીઓએ પોતપોતાના ખર્ચે બનાવ્યા છે અને તેમાં ૧૮ લાખ રૂપીઆ ખર્ચ થયાનું કહેવાય છે. કેટલાક જુના સ્તવનો અને આધુનિક પુસ્તકોમાં પણ એજ કિંવદન્તી પ્રમાણે લખેલું જોવામાં આવે છે. પરંતુ આ લેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે એ માન્યતા ભૂલભરેલી છે. આ બંને ગોખલાઓ તેજપાલની બીજી સ્ત્રી સુહડાદેવીના પુણ્યાર્થે બનાવવામાં આવ્યા છે.

સુહડાદેવીનું નામ વસ્તુપાલ ચરિત્ર કે બીજા કોઇ પુસ્તકમાં મ્હારા જોવામાં આવ્યું નથી. તેમજ તેને મોઢ જ્ઞાતિમાં જન્મેલી આ લેખોમાં લખેલી છે. તેથી એ એક પ્રશ્ન થાય છે, કે શું તે વખતે પ્રાગ્વાટ અને મોઢ જેવી બે સ્વતંત્ર જુદી જુદી જાતોમાં પરસ્પર લગ્ન વ્યવહાર થતો હતો ? હજી સુધી આવી જાતના બીજા ઉદાહરણોનાં પ્રમાણો દ્રષ્ટિગોચર થયાં નથી તેથી આ પ્રશ્નનો ઉત્તર સરલ નથી. આ લેખો મંદિર થયા પછી બહુ જ પાછળ છેક ૧૨૯૭ માં લખાયા છે તેથી એમ પણ અનુમાન થાય છે કે તેજપાલે સુહડાદેવીની સાથે મ્હોટી ઉમરે પહોંચ્યા પછી–કદાચિત્ તેને વૃદ્ધાવસ્થા પણ કહી શકાય–લગ્ન



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

કર્યું હોવું જોઇએ. અનુપમા જેવી સર્વથા અનુપમ સ્ત્રીની સાથે ઘણા લાંબા સમય સુધી સંસાર સુખ ભોગવી, તેજપાલ જેવા પરમ જૈન આદર્શ અમાત્યને નિવૃત્ત થવાના પરમ કર્તવ્યની તદ્દન ઉલટી દશાએ આમ એક વિજાતીય બાલાની સાથે લગ્ન કરવાનું શું કારણ હશે તેનો કાંઈ પણ ઉલ્લેખ કોઈ ગ્રંથકાર કરતો નથી એ એક ખરેખર વિચારણીય બાબત છે. અપ્રસંગ હોવાથી આ સંબંધે વિશેષ ઉહાપોહ કરવો અત્ર ઠીક નથી, એમ સમજી આટલીજ સૂચના બસ ધારી છે.

(૧૧૨–૧૩૦)

આ બધા લેખો, મુખ્ય મંદિર અને જુદી જુદી દેવકુલિકાઓમાં રહેલી કેટલીક પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. વિશેષ ઉલ્લેખનીય કોઈ બાબત એમાં નથી.

નં. ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૫ અને ૧૨૭ વાળા લેખો વરહુડીયા કુટુંબના છે એમ ઉપર ૬૬ નંબર વાળા લેખના અવલોકનમાં જણાવ્યુંજ છે. એ લેખો મૂળ ગભારામાં જે મૂલનાયક તરીકે મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે તેમનાં પદ્માસનો નીચે કોતરેલા છે.


( ૧૩૧ )

મંદિરની જગતીમાં એક 'હસ્તીશાલા' બનેલી છે. તેમાં ઉત્તમ પ્રકારની કોરણીવાળી આરસની ૧૦ હાથિણીઓ ઉભેલી છે. આ દશે ઉપર ચંડપાદિ ૧૦ પુરૂષોની મૂર્તિઓ બેસાડેલી હતી. હાલમાં તેમના ઉપર એકે મૂર્તિ નથી. મૂર્તિઓ કોઇ ઉપાડી ગયા કે ભાંગી ન્હાંખી તે જાણી શકાતું નથી.

આ હાથિણીઓની પાછળ ભીંતમાં ૧૦ ગોખલાઓ બનેલા છે તેમાં લેખમાં જણાવ્યા પ્રમાણે સ્ત્રી પુરૂષોની મૂર્તિઓ છે. પ્રથમના ગોખલામાં આચાર્ય ઉદયસેન અને તેમના શિષ્ય વિજયસેન (કે જેમના હસ્તે આ મંદિરની પ્રતિષ્ઠા થઈ છે) ની પણ મૂર્તિઓ બેસાડેલી છે. સ્ત્રી પુરૂષોવાળી દરેક મૂર્તિના હાથમાં ફૂલની માલા આપી તેમને મંદિરમાં પૂજા કરવા જતા સૂચવ્યા છે. વસ્તુપાલની મૂર્તિ ઉપર, મસ્તક ઉપર પાષાણનું છત્ર બનાવેલું છે. આ બધા લેખો ઉપરથી આ મહામાત્યોનું વંશ વૃક્ષ આ પ્રમાણે બને છે:—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org






Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનપ્રભસૂરિ રચિત **વિવિધતીર્થકલ્પ** નામના પુસ્તકમાં, જે વિ. સં. ૧૩૪૯ (ઈ. સ. ૧૨૯૨) ની લગભગ રચાવું શરૂ થયું હતું અને સં. ૧૩૮૪ ( ઈ. સ. ૧૩૨૭ ) ની આસપાસ સમાપ્ત થયું હતું તેમાં, જણાવ્યું છે કે મુસલમાનો*એ આ મંદિરને તોડી નાંખ્યું હતું તેનો પુનરૂદ્ધાર શક સં. ૧૨૪૩ ( વિ. સં. ૧૩૭૮ ) માં ચંડસિંહના પુત્ર સંઘપતિ પીથડે (અથવા પેથડે) કરાવ્યો હતો. આ બાબતનો એક લેખ પણ આ મંદિરમાં રંગમંડપમાં એક સ્તંભ ઉપર કોતરેલો છે. લેખ આ પ્રમાણે છે.

**ओम् ।**

**आचन्द्रार्कं नन्दतादेष संघा–**
**धीशः श्रीमान् पेथडः संघयुक्तः ।**
**जीर्णोद्धारं वस्तुपालस्य चैत्ये**
**तेने येनेहार्बुदाद्रौ स्वसारैः ॥**

અર્થાત્—સંઘપતિ પેથડ સંઘયુક્ત યાવચ્ચંદ્ર દિવાકરૌપર્યંત જીવિત રહો જેણે પોતાના દ્રવ્યવડે આબુપર્વત ઉપરના આ વસ્તુપાલના ચૈત્યનો જીર્ણોદ્ધાર કર્યો.

આ સંઘપતિ પેથડ ક્યાંનો રહેવાસી હતો તે જાણી શકાયું નથી.

---

* કયા મુસલમાન સુલતાને અને કયારે આ મંદિર તોડયું તે ચોક્કસ જણાયું નથી. પરંતુ પં. ગૌરીશંકરજી ઓઝાના અનુમાન પ્રમાણે " અલાઉદ્દીન ખીલજીની ફોજે જાલોરના ચૌહાન રાજા કાન્હડદેવ ઉપર વિ. સં. ૧૩૬૬ ( ઇ. સ. ૧૩૦૯ ) ની આસપાસ ચઢાઈ કરી ત્યારે આ મંદિરને તોડયું હોવું જોઇએ."

सीरोहीका इतिहास, पृ. ७०।

૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org